RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 224 Dt. 27-2-2025 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# મહા કુંભ પૂર્ણ

# ૪૫ દિવસમાં ૬૬ કરોડ શ્રદ્ધાળુઓનું "અમૃતસ્નાન"

## મહાશિવરાત્રિ પર જ ૧.૩૨ કરોડ ભક્તોએ કર્યું સ્નાન : નેપાળ, ભૂટાન ઉપરાંત અમેરિકા, ઈંગ્લેન્ડ, જાપાન સહિત ૫૦થી વધુ દેશોના લોકો થયા સહભાગી



## મહાકુંભના સમાપન પ્રસંગે ૧૨૦ ક્વિનટલ ગુલાબની પાંખડીઓ આવી વરસાવવામાંઃ યોગી આદિત્યનાથે તમામ સનાતનીઓને પાઠવ્યા અભિનંદન

નવીદિલ્હી, તા. ૨૬

ઉત્તર પ્રદેશની સાંસ્કૃતિક રાજધાની પ્રયાગરાજમાં ૪૫ દિવસ સુધી આયોજિત મહાકુંભ આજે મહાશિવરાત્રીના સ્નાન સાથે સમાપ્ત થયો. સરકારી આંકડાઓ અનુસાર, આ ૪૫ દિવસોમાં લગભગ ૬૬ કરોડ લોકોએ ગંગા અને યમુનાના સંગમમાં પવિત્ર સ્નાન કર્યું છે. માત્ર મહાશિવરાત્રિ પર જ લગભગ ૧.૩૨ કરોડ ભક્તોએ સાંજે ૪ વાગ્યા સુધી સ્નાન કર્યું હતું. મહા કુંભ મેળાના સમાપન પ્રસંગે, મેળા પ્રશાસન દ્વારા ૧૨૦ ક્વિન્ટલ ગુલાબની પાંખડીઓ વરસાવવામાં આવી હતી, આ પ્રસંગે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે તમામ સનાતનીઓને અભિનંદન પાઠવ્યા હતા.

મુખ્યમંત્રીએ ત્રિવેણી સંગમ ખાતે આ સફળ કાર્યક્રમ માટે તમામ સંતો અને ભક્તોનો આભાર વ્યક્ત કર્યો છે. તમને જણાવી દઈએ કે મહાશિવરાત્રી પર મહાકુંભમાં સ્નાન કરવા માટે બે દિવસ પહેલાથી જ ભીડ એકઠી થવા લાગી હતી. લોકો વહેલી સવારે સાડા ત્રણ વાગ્યાથી જ સ્નાન કરવા લાગ્યા હતા. મેળા વહીવટીતંત્રના જણાવ્યા અનુસાર, સાંજે ૪ વાગ્યા સુધીમાં ૧.૩૨ કરોડ ભક્તોએ સ્નાન કર્યું હતું, જ્યારે ૨૦ લાખથી વધુ ભક્તો સ્નાન માટે આગળ વધતા જોવા મળ્યા હતા. આ પ્રસંગે, રાબેતા મુજબ, મેળા વહીવટીતંત્ર દ્વારા તમામ ઘાટ પર ભક્તો પર પુષ્પવર્ષા કરવામાં આવી હતી. રિપોર્ટ અનુસાર નેપાળ, ભૂટાન ઉપરાંત અમેરિકા, ઈંગ્લેન્ડ, જાપાન સહિત ૫૦થી વધુ દેશોના લોકો મહાકંભમાં ડૂબકી મારવા આવ્યા હતા.

આ વખતે મહાકુંભમાં ૨૦ લાખથી વધુ લોકોએ કલ્પવાસ કર્યો હતો. આ તમામ કલ્પવાસીઓ પોષ પૂર્ણિમા પહેલા અહીં પહોંચી ગયા હતા અને તમામ નિયમો અને આચારનું પાલન કરીને મૌની અમાવસ્યા સુધી સંગમની રેતી પર રોકાયા હતા. આ સમય દરમિયાન લોકોએ તેમનો મોટાભાગનો સમય ભજન, કીર્તન અને ધ્યાન કરવામાં પસાર કર્યો હતો.

મૌની અમાવસ્યા પર જ, કલ્પના તમામ રહેવાસીઓ પોતપોતાના ઘરે ગયા. તેમની સાથે ઋષિ-મુનિઓના તમામ ૧૩ અખાડાઓ પણ મૌની અમાવસ્યામાં સ્નાન કરીને અહીંથી નીકળ્યા હતા.

આટલી મોટી ભીડને જોતા ઉત્તર પ્રદેશ સરકારે મહાકુંભ મેળામાં સુરક્ષા માટે ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો હતો. આ જ કારણ છે કે મેળા પરિસરમાં ભાગદોડની છૂટીછવાઈ ઘટનાઓ સિવાય કોઈ મોટી ઘટના બની ન હતી. આ માટે, ઉત્તર પ્રદેશ સરકારે મેળામાં રાજ્યના તમામ તેજસ્વી IAS, IPS, PCS અને PPS અધિકારીઓને ફરજ પર મૂક્યા હતા. મેળામાં દેશ-વિદેશના ભક્તોને લાવવા અને સ્નાન કર્યા બાદ ઘરે પરત લઈ જવા માટે વિશેષ ટ્રેનો અને બસો ચલાવવામાં આવી હતી.

## ઘણા દેશોની વસ્તી કરતા વધુ લોકોએ સ્નાન કર્યું

ઈતિહાસમાં એક જગ્યાએ ૬૫ કરોડ ભક્તો એકઠા થયાનું બીજું કોઈ ઉદાહરણ નથી.

ભક્તોની સનાતન પ્રત્યેની શ્રદ્ધા, નિશ્ચય અને આસ્થાનું પરિણામ છે કે ૪૫ દિવસમાં સંગમના કિનારે આટલી મોટી ભીડ એકઠી થઈ.

જો આ સંખ્યાને વિશ્વભરના દેશોની વસ્તી સાથે સરખાવવામાં આવે તો ઘણા દેશોની વસ્તી તેમાં સામેલ થશે.



INDIAN AIR FORCE દ્વારા ત્રિશૂલ VIEW

# દોષિત રાજકારણીઓ પર આજીવન પ્રતિબંધ અયોગ્ય : કેન્દ્ર

## કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં અરજીનો વિરોધ કરતા કહ્યું અયોગ્યતાનો સમયગાળો સંપૂર્ણપણે કાયદાકીય નીતિના દાયરામાં આવે છે

નવીદિલ્હી, તા. ૨૬

કેન્દ્રએ દોષિત રાજકારણીઓ પર આજીવન પ્રતિબંધની માંગ કરતી સુપ્રીમ કોર્ટમાં અરજીનો વિરોધ કર્યો છે, અને કહ્યું છે કે આવી ગેરલાયકાત સંપૂર્ણપણે સંસદના અધિકારક્ષેત્રમાં આવે છે. કોર્ટમાં સબમિટ કરવામાં આવેલા સોગંદનામામાં, કેન્દ્રએ દલીલ કરી હતી કે અરજીની વિનંતી અસરકારક રીતે કાયદાને ફરીથી લખવા અથવા સંસદને ચોક્કસ રીતે કાયદો બનાવવા માટે નિર્દેશિત કરવા માંગે છે, જે ન્યાયિક સમીક્ષાની સત્તાની બહાર છે. એફિડેવિટમાં જણાવ્યું હતું કે આજીવન પ્રતિબંધ યોગ્ય રહેશે કે કેમ તે પ્રશ્ન સંપૂર્ણપણે સંસદના અધિકારક્ષેત્રમાં આવે છે. એટલુજ નહીં સજાની કામગીરીને વ્યાજબી સમયગાળા સુધી મર્યાદિત કરીને, અવરોધ સુનિશ્ચિત કરવામાં આવ્યો છે, જ્યારે બિનજરૂરી કઠોરતાને ટાળવામાં આવી છે.

કેન્દ્રએ કહ્યું કે સમય દ્વારા સજાની અસરને મર્યાદિત કરવામાં ગેરબંધારણીય કંઈ નથી અને તે કાયદાનો સ્થાયી સિદ્ધાંત છે કે સજા સમય અથવા પ્રમાણના આધારે મર્યાદિત હોવી જોઈએ. એફિડેવિટ જણાવે છે કે અરજદાર દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ વ્યાપક અસરો ધરાવે છે અને સ્પષ્ટપણે સંસદની



કાયદાકીય નીતિમાં આવે છે અને આ સંદર્ભે ન્યાયિક સમીક્ષાના માળખાને યોગ્ય રીતે બદલવો જોઈએ. એડવોકેટ અશ્વિની કુમાર ઉપાધ્યાય દ્વારા સુપ્રીમ કોર્ટમાં દાખલ કરાયેલી અરજીમાં દોષિત રાજકારણીઓ પર આજીવન પ્રતિબંધ અને દેશભરના સાંસદો અને ધારાસભ્યો સામેના ફોજદારી કેસોના ઝડપી નિરાકરણની માંગ કરવામાં આવી છે. કેન્દ્રએ ભારપૂર્વક જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટે સતત ચુકાદો આપ્યો છે કે કાયદાકીય નિર્ણયોને તેમની અસરકારકતાના આધારે કોર્ટમાં પડકારી શકાય નહીં. તે નિર્દેશ કરે છે કે લોકોના પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૮(૧) હેઠળ, ગેરલાયકાત દોષિત ઠેરવવાની તારીખથી છ વર્ષ સુધી અથવા, જેલની સજા સાથે સંકળાયેલા કેસોમાં, છૂટની તારીખથી છ વર્ષ સુધી ચાલે છે. વધુમાં ઉમેર્યું હતું કે સંસદીય નીતિ મુજબ, "અયોગ્યતાની કલમો હેઠળ લાદવામાં આવેલી ગેરલાયકાત સમયસર મર્યાદિત છે અને અરજદારની આ મુદ્દાની સમજને બદલે અને આજીવન પ્રતિબંધ લાદવો તે યોગ્ય રહેશે નહીં."

કેન્દ્રએ જણાવ્યું હતું કે ન્યાયિક સમીક્ષાના કિસ્સામાં, કોર્ટ જોગવાઈઓને ગેરબંધારણીય જાહેર કરી શકે છે, જો કે, અરજદાર દ્વારા માંગવામાં આવેલી રાહત અસરકારક રીતે કાયદાની કલમ ૮ ની તમામ પેટા કલમોમાં "છ વર્ષ" ને બદલે "જીવન માટે" વાંચવા માંગે છે.તે જણાવે છે કે આજીવન અયોગ્યતા મહત્તમ છે જે જોગવાઈઓ હેઠળ લાદવામાં આવી શકે છે અને આવી વિવેકબુદ્ધિ "ચોક્કસપણે સંસદની સત્તામાં" છે. "જો કે, તે કહેવું એક વાત છે કે શક્તિ અસ્તિત્વમાં છે અને બીજી વાત છે કે દરેક કિસ્સામાં તેનો ઉપયોગ થવો જોઈએ," કેન્દ્રએ દલીલ કરી. સોગંદનામામાં જણાવ્યું હતું કે અસ્પષ્ટ કાયદાઓ "બંધારણીય રીતે યોગ્ય" છે અને સંસદની સત્તાના દાયરામાં સિવાય "વધુ પ્રતિનિધિમંડળની ખામીથી પીડાતા નથી".

મહિલાને શરૂઆતમાં રોકાણ પર વળતર અપાતાં વિશ્વાસમાં આવી ગયા પછી મકાન વેંચી મોટી રકમ આપી અને છેતરાયા

# રોકાણના નામે મહિલાને ઓળખીતાએ લગાવ્યો એક કરોડનો ચૂનો

## રૂપિયાની સામે પરિચીતે સોનાની પાંચ લગડીઓ પણ આપી હતીઃ પરંતુ તે નકલી નીકળીઃ બીજા બનાવમાં ટ્રકના સોદાના બહાને સાડા છ લાખની ઠગાઈ




રાજકોટઃ છેતરપીંડીની ઘટના એકાદ દિવસ ન બને તો પણ નવાઇ જેવુ લાગતું હોય છે. રોજબરોજ કોઇને કોઇ છેતરાઈ જતું હોય છે. નુસ્ખાઓ નવા અને જુના બંને પ્રકારના હોય છે. કોઇ ઓનલાઇન ફ્રોડનો ભોગ બને છે તો કોઇને તેના જ પરિચીત કે પછી બીજા લેભાગુ લાલચના ગાજર બતાવી લાખો કરોડો ઉસેડી જતાં હોય છે. આવી વધુ બે ઘટના સામે આવી છે જેમાં એક મહિલાને ફંડમાં રોકાણ કરવાથી ઉંચા વળતરની લાલચ આપી એક કરોડનો ચુનો લગાવી દેવાયો છે. બીજી તરફ ટ્રકના સોદાના બહાને સાડા છ લાખની ઠગાઇ થઇ છે.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો આ બનાવમાં નડિયાદના મહિલાને તેમના પરિચિત શખ્સે ફંડમાં રોકાણ કરી ઊંચું વળતર અપાવવાની લાલચ આપી હતી. જેથી આ મહિલાએ ફંડમાં રોકાણ કરવા રોકડ તેમજ સોનાની પાંચ લગડીઓ મળી એક કરોડ રૂપિયા જેટલી માતબર રકમ આપી હતી. ત્યારબાદ આ પરીચીતે નાણાં પરત ન કરતા આ મામલે મહિલાએ ગુનો દાખલ કરાવ્યો હતો. વધુ વિગતો જોઇએ નડિયાદ મહાગુજરાત હોસ્પિટલ સામે ઉત્તમ પાર્કમાં રહેતા જૈમીનીબેન સંદીપભાઈ વ્યાસના ઘરે તેમના પતિના મિત્ર નીરવ જશવંતભાઈ સોની (રહે. લેન્ડપાર્ક, ગીતાંજલિ ચોકડી, નડિયાદ) અવારનવાર મળવા આવતા હતા. આ દરમિયાન નીરવ સોનીએ જૈમીની બેનને હેજ ફંડમાં રોકાણ કરશો તો ઊંચું વળતર મળશે તેવી લોભામણી વાતો કરી હતી. જેથી જૈમીનીબેને તેમની વાતોમાં આવી પાંચ લાખ રૂપિયાનું રોકાણ કર્યુ હતું. જે થોડા સમય પછી પરત આપ્યા હતા.

આથી વિશ્વાસ બેસતાં જૈમીનીબેને અમદાવાદમાંનું મકાન વેચી તેના રૂપિયા દરમિયાન નિરવ સોનીના ખાતામાં ટ્રાન્ફર કર્યા હતા. ઉપરાંત સોનાની પાંચ લગડીઓ પણ આપી હતી. જે પરત આપતા જૈમિનીબેને તપાસ કરાવતા તે ખોટી હોવાનું જણાઈ આવ્યું હતું. જેથી અસલી સોની લગડીઓ તથા ફંડમાં નાણાંના વળતરની રકમ માંગતા નીરવ સોનીએ વોટ્સએપ પર રૂપિયા ટ્રાન્સફર કર્યાનું બતાવ્યું હતું. પણ આ નાણાં બેંકમાં જમા થયા ન હતા. દરમિયાન જૈમીનીબેનને નિરવ સોની અને તેની પત્નિ મળતા પૈસાની તેમજ સોનાની લગડીની માંગણી કરતા નીરવ સોનીએ મેં તમે આપેલ રોકડનું રોકાણ કરેલું નથી. મારા અંગત કામમાં વાપરી નાખ્યા છે. આ પૈસા નહીં મળે તેમ કહી ઝઘડો કર્યો હતો. તેમજ પૈસા માંગે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આમ નિરવ સોનીએ ફંડમાં રોકાણ કરાવી પૈસા તેમજ સોનાની લગડીઓ મળી ૧,૦૧,૩૧,૦૦૦ પરત ના આપી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. આ બનાવ અંગે જૈમીનીબેન સંદીપભાઈ વ્યાસની ફરિયાદના આધારે નડિયાદ પશ્ચિમ પોલીસે નિરવ જશવંતભાઈ સોની સામે ફરિયાદ દાખલ કરી હતી.

બીજા બનાવમાં જામનગરના ટ્રક ડ્રાઈવર યુવક પાસેથી ટ્રકનો સોદો કરી નાણાં કે ગાડી પરત ન આપી જામનગરના બે શખ્સોએ રૂ.૬.૫૦ લાખની છેતરપીંડી, વિશ્વાસઘાત કરતાં સીટી સી. ડીવીઝન પોલીસ મથકમાં બંને આરોપીઓ ગુનો નોંધાયો છે. આ બનાવ અંગે ઈમરાન સલીમભાઈ છીતરા નામના ડ્રાઈવરે નોંધાવેલી ફરિયાદ મુજબ તેમના માલિકીની દસ વ્હીલવાળો ટ્રક રજી નં. જીજે-૯-વાય-૯૯૪૫ વાળો તેમણે ગત તા.૨૧.૧૧.૨૦૧૮ ના રોજ જામનગરના અકરમ મહમદ હુશેન અને યુસુફભાઈ બુખારીને આઠ લાખમાં ટ્રકનો સોદો કર્યો હતો. અકરમ બ્લોચે સોદા સમયે ૧.૫૦ લાખ આપી દીધેલાં અને રૂ.૬.૨૫ લાખની ટ્રકની બાકી લોન અકરમભાઈને ભરપાઈ કરવાની રહેશે, અને બાકી રહેતા રૂ.૨૫ હજાર એક માસમાં આપી દેવાની શરત સાથે વેંચાણ કરાર કરવામાં આવ્યો હતો. પરંતુ ત્યાર બાદ અકરમ બ્લોચે લોનના રૂપિયાની ભરપાઈ ન કરતાં ફાઈનાન્સ કંપનીએ વારંવાર ઉઘરાંણી કરતાં ઈમરાનએ ફાયનાન્સના રૂ.૨.૪૦ લાખ રોકડા ભરી વાહન લોન પૂર્ણ કરી નાખી હતી.

આ પછી તેમણે અરકમ બ્લોચ, યુસુફભાઈ બુખારી પાસેથી બાકી નિકળતાં રૂ.૬.૫૦ લાખ માંગણી કરવા છતાં બંનેએ રૂપિયા કે ટ્રક પરત ન આપતાં આખરે ઈમરાનએ ન્યાય માટે જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણમાં અરજી કરતાં સીટી સી ડીવીઝન પોલીસે અકરમ બ્લોચ અને યુસુફભાઈ બુખારી વિરૂધ્ધ એફઆઈઆર દાખલ કરી હતી. આમ વધુ બે ઠગાઇ થઇ ગઇ હતી.

# રજામાં પણ વેરા વસુલાત વિભાગ એક્ટિવ




## ગોંડલ રોડ, સોની બજાર તથા કોઠારીયા વિસ્તારમાં ટીમોના ધામાઃ છ મિલકત સીલ, ૩૯.૨૧ લાખની વસુલાત

રાજકોટ, તા. ૨૬

મહાનગર પાલિકા દ્વારા હાલ રજાના દિવસોમાં પણ કામગીરી કરવામાં આવી રહી છે કારણ કે વેરા વસુલાત વિભાગને જે ટાર્ગેટ ૪૧૦ કરોડનો આપવામાં આવ્યો છે તેને પહોંચી વળવા માટે દિવસ રાત વિભાગ દ્વારા કામ કરવામાં આવી રહ્યું છે ત્યારે ગઈકાલે મહાશિવરાત્રીના દિવસે પણ શહેરના મુખ્ય વિસ્તારોમાં વેરા વસુલાત વિભાગ દ્વારા કામગીરી કરવામાં આવી હતી જેમાં છ મિલકતોને સીલ કરવામાં આવી સામે વિભાગને ૩૯.૨૧ લાખની રિકવરી પણ થયેલી છે.


ત્યારે હવે માર્ચ મહિના ના આડે ગણતરીના જ દિવસો બાકી રહ્યા છે અને લક્ષ્યાંક સુધી પહોંચવા માટે હજુ પણ વિભાગ સતત એ વાત ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે કે જો વ્યવસ્થિત રીતે કામગીરી કરવામાં આવશે તો ટાર્ગેટ સુધી સરળતાથી પહોંચી શકાશે.

આજરોજ મહાશિવરાત્રીની જાહેર રજામાં પણ મનપાની વેરા વસુલાત શાખાએ રીકવરી ઝુંબેશ ચાલુ રાખી હતી અને કોઠારીયા રીંગ રોડ પર એમ.કે.ઈન્ડ. એરીયામાં બે, કુબલીયાપરામાં એક, ૮૦ ફુટ રોડ પર સત્યમ રિવ વ્યુ વીંગ એચ.ગ્રાઉન્ડ ફલોર ઉપર એક, ગોંડલ રોડ ક્રિષ્ના પાર્ક સામે એક યુનિટ, ગોંડલ હાઈવે પર પરફેકટ ડિલકસ કોલ્ડ્રીંકસ ને સીલ મારી દેવાયા હતા. જયારે બાવાજીરાજ રોડનાં કોર્નર પર એક યુનિટ અને સોની બજાર સવજીભાઇની દોરીમાં મારૂતિ મેન્શનમાં થર્ડ ફલોર ઉપર એક યુનિટને 'સીલ' મારી દેવાયું હતું.

આજ રોજ બપોરે એક કલાક સુધીમાં ૬-મિલક્તોને સીલ મારેલ તથા ૧૯-મિલકતોને સીલની કાર્યવાહી કરતા રિકવરી રૂા.૩૯.૨૧લાખની થઇ હતી.

તથા ૩૧ માર્ચ ૨૦૨૫ સુધી તમામ રજાના દિવસો સહિત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વેરા-વસૂલાત શાખાની સઘન કામગીરી ચાલુ રાખવામાં આવનાર છે.

આ કામગીરી નાયબ કમિશ્નર સી.કે.નંદાણી તથા આસી. કમિશ્નર સમીર ધડુક, સેન્ટ્રલ ઝોન મેનેજર વત્સલ પટેલ ,સિધ્ધાર્થ પંડ્યા, ભાવેશ પુરોહિત, વેસ્ટ ઝોન મેનેજર મયુર ખીમસુરીયા, ફાલ્ગુની કલ્યાણી, ઈસ્ટ ઝોન મેનેજર નીલેશ કાનાણી, ગૌરવ ઠક્કર તથા તમામ વોર્ડ ઓફીસર, તમામ વોર્ડ ટેક્ષ ઈન્સપેક્ટરો દ્વારા કરવામાં આવેલ છે. હાલ સીલીંગ અને રીકવરીની કામગીરી ચાલુ છે.



સગીરાઓને ફસાવી જિંદગી બગાડી નાખવાના બનાવોમાં ચિંતાજનક રીતે વધારોઃ વધુ બે કિસ્સા

# મજુરી અને નોકરીની લાલચ આપી સગીરા-યુવતિ પર બળાત્કાર

## સોળ વર્ષની બાળાને મજૂરી કામે લઈ જવાના બહાને અવાવરૂ મેદાનમાં લઈ જઈ દેહ પીંખાયોઃ બીજા કિસ્સામાં યુવતિને નોકરીના બહાને રિસોર્ટમાં લઈ જઈ બળજબરી

પાલિતાણા પંછકમાં આવેલાં તેના ઘરે છોડી આવ્યો હતો. જો કે, ઘરે ગયા બાદ સગીરાએ તેની માતાને આપવિતી જણાવતાં આ અંગે સગીરાની માતાએ પાલિતાણા ગ્રામ્ય પોલીસ મથકમાં તેમની સગીર પુત્રી સાથદુષ્કર્મ આચરનાર અને તેને મદદગારી કરનારા બન્ને શખ્સો વિરૂદ્ધ ગુનો નોંધાવ્યો હતો. પોલીસે દુષ્કર્મની સાથે પોક્સો સહિતની કલમ અન્વયે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી હતી. દૂષ્કર્મની અન્ય એક ઘટનામાં ચાંદખેડા વિસ્તારમાં એકલી રહીને રસોઇ બનાવવાનું કામ કરતી યુવતીને રીસોર્ટમાં સારા પગારની નોકરીની લાલચ આપીને શખ્સે તેના પર દુષ્કર્મ આચર્યાની ફરિયાદ નોંધાયાના પગલે અડાલજ પોલીસ દ્વારા ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. માલિકીનાં રીસોર્ટમાં ફિલ્મી શુટિંગ થતાં હોવાની વાત કરનારો આરોપીએ ગાડીમાં બેસાડી પોતાના ઘરે લઇ જઇ યુવતીની લાજ લૂંટી હતી. ભાડાના મકાનમાં રહેતી અને જનતાનગરમાં રસોઇનું કામ કરવા જતી ૨૩ વષય યુવતી શરૂઆતમાં તેના બહેન, બનેવીને ત્યાં આવી હતી. બાદમાં તેઓ ચાલ્યા જતાં એકલી રહીને રોજગારી રળવા લાગી હતી.

દરમિયાન ત્રણેક મહિના પહેલા ભરતસીંગ રાજપૂરોહિત નામના શખ્સનો યુવતી પર ફોન આવ્યો હતો. તેણે યુવતીને નોકરીની જરૃરત હોવા અંગે પૂછયુ ત્યારે યુવતીએ તેની નોકરી ચાલુ હોવાનો જવાબ આપ્યો હતો. પરંતુ આરોપીએ પોતાની માલિકીનો રિસોર્ટ છે અને ત્યાં ફિલ્મોનાં શુટિંગ થતાં હોવાથી નાશ્તા બનાવવા અને રસોઇ બનાવવાનું કામ કરવાની વાત કરી હતી. દરમિયાન ગત જાન્યુઆરી મહિનામાં આરોપીએ ફરી ફોન કરીને યુવતીને સાબરમતી મેટ્રો સ્ટેશન પાસે બોલાવીને ફરી નોકરી કરવા આવવાની વાત કરી હતી. આ મુલાકાત બાદ આરોપી ફોન કરીને યુવતી સાથે વાતચીત કરતો રહ્તો હતો. એક સપ્તાહ પહેલા ફરી મેટ્રો સ્ટેશન પાસે બોલાવી ત્યારે આરોપી ગાડી લઇને આવ્યો હતો અને યુતીને બેસાડીને ગાડી ચાલતી કરી પહેલા તારે બે ત્રણ દિવસ માટે મારા ઘરે રસોઇ કરવાની રહેશે અને ત્યાર બાદ રિસોર્ટમાં કામ કરવાનું રહેશે તેવી વાતો કરવા સાથે ઘરે લઇ ગયો હતો. જ્યાં આરોપીની પત્ની હાજર ન હતી. ત્યારે યુવતીને ત્રીજા માળે લઇ જઇ બળાત્કાર ગુજાર્યો હતો. આ મામલે પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. આમ વધુ બે સગીરા દૂષ્કર્મનો ભોગ બની હતી.

બીજી તરફ સોળ વર્ષીય સગીરાને લગ્ન કરવાની લાલચ આપી ફોસલાવી કાયદેસરના વાલીપાણામાંથી અપહરણ કરી લઈ ગયો હતો. આણંદ શહેરની સોળ વર્ષીય સગીરાને આણંદનો યુવક તેમજ બોરસદની એક સગીરાને બોદાલ ગામનો યુવક લગ્ન કરવાની લાલચ આપી કાયદેસરના વાલીપણામાંથી અપરણ કરી ગયા હોવાના બે અલગ અલગ બનાવ અનુક્રમે આણંદ શહેર અને બોરસદ શહેર પોલીસ મથકે નોંધાયા છે. આણંદ શહેરના ઉમરી નગર પાછળ આવેલ સો ઘર સાનમ પાર્ક ખાતે રહેતો સમી મોહસીનભાઈ વ્હોરા આણંદની સોળ વર્ષીય સગીરાને લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી કાયદેસરના વાલીપાણામાંથી અપહરણ કરી લઈ ગયો હતો. જે અંગે સગીરાના પરિવારજનોએ આણંદ શહેર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

અન્ય બનાવવામાં બોરસદ તાલુકાના બોદાલ ગામે રહેતા ૨૨ વર્ષીય નિલેશ રાવજીભાઈ પરમારને થોડા સમય પૂર્વે બોરસદની એક સગીરા સાથે આંખ મળી ગઈ હતી. દરમ્યાન સગીરાને લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી અવારનવાર શરીર સંબંધ બાંધી કાયદેસરના વાલીપાણામાંથી અપહરણ કરી લઈ ગયો હતો. આ બનાવ અંગે બોરસદ શહેર પોલીસે નિલેશ પરમાર વિરૂધ્ધ અપહરણનો ગુનો દાખલ કર્યો હતો.

## અન્ય કિસ્સાઓમાં બે સગીરાને લલચાવી ફોસલાવી અપહરણ કરી લેવાયા

રાજકોટઃ સગીરાઓ, યુવતિઓને ફસાવી દૂષ્કર્મ આચરવાના કિસ્સા સતત વધી રહ્યા છે. વધુ આવા બે બનાવ સામે આવયા છે જેમાં એક સગીરાને મજૂરી અપાવવાની લાલચ દઈ દૂષ્કર્મ આચરી લેવાયુ હતું. બીજા કિસ્સામાં એક યુવતિને નોકરીની લાલચ આપી રિસોર્ટમાં લઈ જઈ દેહ પીંખી નખાયો હતો. બીજી તરફ બે સગીરાના અપહરણ થઈ ગયા હતાં. રાજ્યભરમાં આવા બનાવોમાં ચિંતાજનક રીતે વધી ગયા છે.

વિગતો પર નજર કરીએ પાલિતાણા પંથકની સગીરાને મજુરી અપાવવાની લાલચ આપી ભાવનગર બોલાવ્યા બાદ તેણીને તેના ઘરે પરત મુકવા જતી વખતે જાનથી મારી નાખવાની ધમકી આપી દુષ્કર્મ આચરનારા ભાવનગરના શખ્સ અને તેને મદદગારી કરનારા શખ્સ સામે પાલિતાણા ગ્રામ્ય પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે. બનાવની વિગત એવી છે કે, ભાવનગર જિલ્લાના પાલિતાણા પંથકની સોળ વષની સગીરાને દિનેશ પરમાર (રહે.ભાવનગર) નામના શખ્સે મજુરી આપાવવાની લાલચ આપી શહેરના પ્રવેશદ્વાર એવા નારી ચોકડી ખાતે બોલાવી હતી જો કે, બાદમાં એક દિવસ બાદ મજૂરી કામ અપવવાનું વચન આપી તેનો મિત્ર મનીષ રિક્ષામાં પાલિતાણા મુકી જશે તેવી હૈયાધારણાં આપતાં સગીરા મનીષ ગુલાબભાઈ પરમાર (રહે. ભાવનગર) સાથે ગઈ હતી અને મનીષ તેને રિક્ષામાં પાલિતાણા મુકવા ગયો હતો.


ત્યારબાદ ભાવનગરથી પાલિતાણા જતાં હાઈ-વે પર વચ્ચે આવતાં ઘોડાઢાળ નજીક રાત્રિના દસે કલાકના અરસામા મનીષે પોતાની રિક્ષા અટકાવી હતી અને સગીરાને ખુલ્લી જગ્યામાં લઈ જઈ જાનથી મારી નાખવાની ધમકી આપીતેના પર દુષ્કર્મ આચર્યું હતું. જોકે, બાદમાં શખ્સ તેણીને

માલિયાસણ પાસેના ગોઝારા અકસ્માતમાં યુપીના ડ્રાઇવર સામે સાઅપરાધ મનુષ્યવધનો ગુનો દાખલ કરાયો: બચી ગયેલા નવાગામના યુવાનને ફરિયાદી બનાવાયો

# છ નિર્દોષ જીવ માટે ટ્રકચાલકની એક ભૂલ કાળ બની

## રોંગ સાઇડમાં આવી ટ્રકે રિક્ષાને ઠોકરે લીધી પછી પણ બ્રેક ન લગાવી અને મરણચીસો ગાજી: રાજકોટ-જામનગરના પરિવારો પર વજ્રઘાત: જેમને જાનૈયા બનીને જાનમાં જોડાવાનું હતું તેમના મરશીયા ગાવાની વેળા આવી પડતાં ગમગીની







રાજકોટ: બેફામ દોડી રહેલા ટ્રકના ચાલકની એક જ ભુલ છ છ નિર્દોષ જિંદગીના મોતનું કારણ બની ગઇ હતી. માલિયાસણ પાસે સર્જાયેલી ગોઝારી અકસ્માતની ઘટનામાં પોલીસ તપાસમાં વિગતો સામે આવતાં ટ્રકચાલકની સામે સાપરાધ મનુષ્યવધની કલમ હેઠળ એફઆઇઆર દાખલ કરવામાં આવી છે. ટ્રકના ચાલકે ચોટીલા તરફથી રાજકોટ તરફ આવતી વખતે માલિયાસણ પાસે ડિવાઇડર નજીક ટર્ન લઇ શકાય તેમ ન હોવા છતાં કોઇપણ જાતના સિગ્નલ વગર ટર્ન લઇ લીધો હતો અને રોંગ સાઇડમાં ધસી આવી રિક્ષાને ઉલાળી દીધી હતી, એટલુ જ નહિ ઠોકર માર્યા પછી પણ ટ્રકને બ્રેક ન મારતાં રિક્ષાનો બૂકડો બોલી ગયો હતો અને આઠ જ મહિનાની ફૂલડા જેવી બાળકી, તેના માતા સહિતના છ સ્વજનો કાયમને માટે ચિરનિંદ્રામાં પોઢી ગયા હતાં. ક્રાઇમ બ્રાંચે આ છ મોત માટે નિમીત બનેલા ટ્રક ચાલકને દબોચી લીધો હતો.

વિગતો પર નજર કરીએ તો રાજકોટના નવાગામ અને જામનગરના પરિવારના સાત સભ્યો રિક્ષામાં બેસીને ચોટીલા લગ્ન પ્રસંગમાં હાજરી આપવા નીકળ્યા હતાં. ચોટીલાથી બુધવારે મોરબી જાન જવાની હોઇ તેમાં આ બધા જાનૈયા તરીકે સામેલ થવા હરખઘેલા બન્યા હતા. પરંતુ વિધીની વક્રતા જ કંઇક જુદી હશે તેમ ટ્રક આ બધાની માટે કાળ બનીને આવ્યો હતો અને રિક્ષામાં બેઠેલા સાત પૈકી છ જીવ ખતમ થઇ ગયા હતાં. આ દ્રશ્યો હચમચાવી મુકે એવા હતાં. ટ્રકચાલકની ભુલ જ આ તમામના મોત માટે જવાબદાર હોવાનું ફલીત થયું હતું. કાળનો કોળીયો બનેલાઓને જવાનું હતું જાનમાં, લગ્નના ગીતો સાંભળવાના ગાવાના હતાં. પરંતુ થયું એવુ કે પરિવારજનોને આ છએય પાછળ મરશીયા ગાવાની વેળા આવી હતી. રિક્ષાચાલક યુવાન, તેના પત્નિ, બહેન અને રાજકોટ રહેતાં આ યુવાનના ભાણેજવહુ, ભાણેજવહુની દિકરી અને કુટુંબી દાદી એમ છ લોકોના રાજકોટ અમદાવાદ હાઇવે પર માલિયાસણ નજીક ટ્રકની ઠોકરે રિક્ષાનો બૂકડો બોલી જતાં કમકમાટી ભર્યા મોત થતાં પરિવારો પર વજ્રઘાત થયો હતો. જ્યારે રિક્ષામાં બેઠેલા સાતમાંથી એક માત્ર નવાગામનો યુવાન જ બચ્યો હતો.

જે છ લોકોને કાળ ભેટી ગયો છે તે બુધવારે ચોટીલાથી મોરબી જનારી જાનમાંજાનૈયા તરીકે જોડાવાના હતાં, પણ કુદરતને કદાચ એ મંજુર ન હોય એમ આ છ હતભાગીની અરથી ઉઠતાં રાજકોટ-જામનગરના વાંજા પરિવારજનોમાં કાળો કલ્પાંત સર્જાયો હતો. ગોઝારા અકસ્માતની ઘટનામાં કુવાડવા પોલીસે કાર્યવાહી કરી છે. કુવાડવા રોડ પર નવાગામમાં બસ સ્ટેશન પાસે રહેતાં નંદીનીબેન સાગરભાઇ સોલંકી (ઉ.વ.૨૯)ને ચોટીલા તેના કાકાના દિકરાના લગ્નમાં જવાનું હોઇ તેણી ગઇકાલે પોતાના દિયર આનંદ વિક્રમભાઇ સોલંકી (ઉ.વ.૨૧), દિકરી દેવાંશી સાગરભાઇ સોલંકી (ઉ. ૮ મહિના) અને પડોશમાં જ રહેતાં કુટુંબી ફઇ શારદાબેન જીણાભાઇ વાંજા (ઉ.વ.૬૦) સાથે ચોટીલા જવા તૈયાર થઇ હતી. દરમિયાન આ લગ્નમાં સામેલ થવા ચોટીલાથી નંદીબીબેનના મામાજી યુવરાજભાઇ રાજુભાઇ લકુમ (ઉ.વ.૨૮) પણ તેના પત્નિ શિતલબેન યુવરાજભાઇ લકુમ (ઉ.વ.૨૬) અને બહેન ભૂમિ રાજુભાઇ સોલંકી (ઉ.વ.૨૨) સાથે પોતાની રિક્ષા નં. જીજે૧૦ટીઝેડ-૫૩૭૭ લઇને આવ્યા હોઇ નવાગામથી નંદીનીબેન, તેમના દિયર આનંદ, દિકરી દેવાંશી અને કુટુંબી દાદી શારદાબેન પણ આ રિક્ષામાં બેસી ગયા હતાં.

આમ કુલ સાત લોકો ઘરેથી સાંજે સાડા ચારેક વાગ્યે ચોટીલા જવા રવાના થયા હતાં. દરમિયાન માલિયાસણ ગામ નજીક ચાંદની નોનવેજ હોટલ પાસે પહોંચ્યા ત્યારે ટ્રક નં. યુપી-૭૫એટી-૫૮૦૮ના ચાલકે ટર્ન લેવાની જગ્યા ન હોવા છતાં ટ્રકને ઉભો રાખ્યા વગર કે સિગ્નલ આપ્યા વગર ટર્ન મારી રિક્ષાને ઠોકરે ચડાવી દીધી હતી. એટલુ જ નહિ રિક્ષા ઠોકરે ચડ્યા પછી પણ ટ્રકને બ્રેક ન મારતાં ટ્રક રિક્ષા ઉપર ચડી જતાં રિક્ષાનો બૂકડો બોલી ગયો હતો અને મરણચીસો ગાજી ઉઠી હતી. અકસ્માતને પગલે લોકોના ટોળા ભેગા થઇ ગયા હતાં અને ટ્રાફિક જામ થઇ ગયો હતો. અકસ્માત સર્જી ચાલક ટ્રક મુકી ભાગી ગયો હતો. રિક્ષામાં ફસાયેલા સાતેયને પોલીસે, લોકોએ, ફાયર બ્રિગેડની ટીમે બહાર કાઢી સિવિલ હોસ્પિટલે ખસેડયા હતાં.

પરંતુ અહિ સાતમાંથી છને તબિબે મૃત જાહેર કર્યા હતાં. એમ માત્ર આનંદ વિક્રમભાઇ સોલંકી (ઉ.વ.૨૪)નો ઇજા સાથે બચાવ થયો હતો. તેની ફરિયાદ પરથી કુવાડવા પોલીસે ટ્રક ચાલક વિરૂધ્ધ બીએનએસની કલમ ૧૦૫, ૧૨૫ (એ), ૧૨૫ (બી), ૨૮૧, એમવીએક્ટ કલમ ૧૮૪, ૧૩૪, ૧૭૭ મુજબ જીવલેણ અકસ્માત સર્જી સાપરાધ મનુષ્યવધ કરી નાશી જવાનો ગુનો નોંધ્યો હતો. મૃત્યુ પામનાર યુવરાજભાઇ પાંચ બહેનનો એકનો એક ભાઇ અને પરિવારનો આધારસ્તંભ હતો. તે રિક્ષા હંકારવાની સાથે સાથે વાંસની ઝૂપડીઓ બનાવવાનો કારીગર પણ હતો. તેના પિતા ગ્રીસ કામની મજૂરી કરે છે.

યુવરાજભાઇના લગ્ન થઇ બે વર્ષ પહેલા થયા હતાં. તેને સંતાન નથી. યુવરાજભાઇની સાથે તેના પત્નિ શિતલબેન, બહેન ભુમિબેન તેમજ નવાગામ રહેતાં ભાણેજવહુ નંદીનીબેન સોલંકી, નંદીનીબેનની દિકરી દેવાંશી અને નંદીનીબેનના કુટુંબી સગા પડોશમાં જ રહેતાં શારદાબેન વાંજાના મૃત્યુ થયા છે. જ્યારે યુવરાજભાઇના ભાણેજ આનંદ સોલંકીનો ચમત્કારીક બચાવ થયો છે. પોલીસે તેની ફરિયાદ પરથી ગુનો દાખલ કર્યો છે. અકસ્માતની જાણ થતાં પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, ડીસીપી પાર્થરાજસિંહ ગોહિલ, સજ્જનસિંહ પરમાર, ડીસીપી પૂજા યાદવ, એસીપી આર. એસ. બારીયા, એસીપી જે. બી. ગઢવી સહિતના પહોંચ્યા હતાં. તેમજ કુવાડવા પોલીસનો સ્ટાફ, ટ્રાફિકની ગાડીઓ દોડી ગઇ હતી. ચારથી પાંચ કિલોમીટર ટ્રાફિકજામ થયો હોઇ પોલીસે મહામહેનતે કલીયર કરાવ્યો હતો. બચી ગયેલા આનંદ વિક્રમભાઇ સોલંકીએ કહ્યું હતું કે-મારા ભાભી નંદીનીબેન સાગરભાઇ સોલંકીના કાકા ચોટીલા રહે છે. તેમના કાકાના દિકરાના લગ્ન હોઇ આજે બુધવારે સવારે ચોટીલાથી મોરબી જાન જવાની હતી. અમે બધા તેમાં જાનૈયા તરીકે સામેલ થવા રાજકોટથી રવાના થયા હતાં.

પરંતુ માલિયાસણ પાસે ઓચીંતો ટ્રક સામે આવી ગયો હતો અને રિક્ષા ઉપર ચડાવી દીધો હતો. સિવિલ હોસ્પિટલ ખાતે છએય મૃતદેહના રાતે જ પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યા હતાં. યુવરાજભાઇ, તેમના પત્નિ શિતલબેન, બહેન ભુમિબેનના મૃતદેહ જામનગર લઇ જવાયા હતાં. જ્યારે નંદીનીબેન, તેમની દિકરી વેદાંશી અને કુટુંબી દાદી શારદાબેનના મૃતદેહ રાજકોટના નવાગામ ખાતે બસ સ્ટેશન નજીક તેમના નિવાસસ્થાને લઇ જવાયા હતાં. આજે આ છએય જાનૈયા બનીને જાનમાં જોડાવાના હતાં, તેમને લગ્ન ગીતો ગાવાના, સાંભળવાના હતાં પણ કાળે કંઇક જુદુ જ ધાર્યુ હોય તેમ આ છના મરશીયા ગાવાની વેળા તેમના પરિવારજનો ઉપર આવી પડતાં ખુશીને બદલે શોક વ્યાપી ગયો હતો. ટ્રક ચાલકની એક ભૂલ છ છ નિર્દોષ જિંદગી માટે કાળ બની ગઇ હતી.

દરમિયાન છ છ જીવને હણીને ટ્રક મુકી ભાગી ગયેલા ટ્રક ચાલક અનિલ લોકમાન (ઉ.વ.૨૫-રહે. ફાજીલપુર પોસ્ટ ચીરગવા તા. ઝલેરસ જી. એટા (યુપી)ને એએસઆઇ સી. એમ. ચાવડા, સી.આર. ગોહિલ, હેડકોન્સ. કનકસિંહ સોલંકીએ બાતમી પરથી કુવાડવા રોડ પટેલ વિહાર રેસ્ટોરન્ટ પાછળના ભાગેથી અટકાયતમાં લઇ કુવાડવા પોલીસને સોંપ્યો હતો. પીઆઇ ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ આ કામગીરી ટીમે કરી હતી.



રાજકોટ મિરર તંત્રીની કલમે

# ધર્મભ્રષ્ટ ફૂડ ક્ષેત્ર

## વેજ-નોનવેજ વચ્ચે તફાવત રહયો નથી : છાશ પણ ફૂંકીને પીજો



મહાશિવરાત્રીના અતિ પાવન મહાપર્વ પ્રસંગે મનને ખીન્ન કરતા સમાચાર આવ્યા. એક પરિવારે મોંઘુ દાટ અને બ્રાન્ડેડ વેજ ફૂડ મંગાવ્યું. ચાખ્યું ત્યારે ખબર પડી કે પક્ષીના મૃતદેહ માંથી બનેલું આ ફૂડ છે.. આ ઉપરાંત મહાશિવરાત્રીએ તંત્રએ નોનવેજ ફૂડ બનાવવા-વેચવા પર પ્રતિબંધ લગાવ્યો છે. ઓનલાઇન નોનવેજના ધંધા ધમધોકાર ચાલતા હતા. ઢગલાબંધ નોનવેજ ફૂડ ઝડપાયુ.

આવી ગંભીર ઘટનાઓ બાદ માફા- માફી થઈ અને મહાપાલિકાએ રિવાજ પ્રમાણે રૂ.૧૦,૦૦૦નો દંડ કરીને પ્રકરણને લગભગ આટોપી લીધું છે.

ફુડ ક્ષેત્રે આ ઘટના સામાન્ય નથી. આ ઘટના ધાર્મિક લાગણી દુભાવવા થી માંડીને ધર્મ ભ્રષ્ટ કરવા જેવી છે. દંડ કરીને ભૂલી જવા જેવી ઘટના નથી જ. ધાર્મિક લાગણી અંગેનો કેસ કરીને કહેવાતી પ્રતિષ્ઠિત ફૂડ-બ્રાન્ડ ને ઉછાળી પાડીને હંફાવી દેવાની જરૂર છે. વેજ કે નોનવેજ જેને જે ખાવું હોય તે ખાય, બનાવવું હોય તેવું ફૂડ બનાવે, પણ જેને નોનવેજ નથી ખાવું તેના મોમાં ઘાલીને ભૂલ થઈ ગઈ તેમ કહી દેવું એ યોગ્ય છે ?

એક બ્રાન્ડ તો નોનવેજ પ્રતિબંધના આદેશનો જાણી જોઈને ભંગ કરે અને તે ઝડપાયા બાદ માત્ર દંડ વસૂલવો એ બહાદુરી નથી જ. આવા તત્વોને નાનીમા યાદ કરાવી દેવા જોઈએ. ગેરકાયદે ધંધો કરીને લાખ રૂપિયા કમાયા બાદ પકડાય ત્યારે ૧૦ હજારનો દંડ ભરીને છટકી જાય...

સામાન્ય પ્રકારની કાર્યવાહી કાયદા ભંગ કરનારને મોજ કરાવનારી નથી ? આકરા કાયદા અને આખરી કાર્યવાહી કેમ થતી નથી ? મહત્વની વાત એ પણ છે કે, ધાર્મિક લાગણીના નામે વારંવાર ટોળા નીકળી પડતા હોય છે. શિવરાત્રીના મહાપ્રવે મહાકાય ફૂડ બ્રાન્ડ ખુલેઆમ ધાર્મિક લાગણી દુભાવે છે, ધર્મના હોદ્દેદારો ક્યાં છે ?

ફૂડ ક્ષેત્રે માત્ર એક બે બ્રાન્ડ જ નહીં, સમગ્ર માહોલ ચેતવા જેવો છે. આ ક્ષેત્ર કોને શું ખવડાવી દે છે તેનો ખ્યાલ આવતો નથી. મોટી બ્રાન્ડ થી માંડીને ફૂડ- ફેક્ટરીઓમાં અંદર શું રંધાતું હોય છે, તેનો ખ્યાલ આવતો નથી. મસ્ત પેકિંગ અને મસ્ત સર્વિસ આપીને નોનવેજથી માંડીને ગંદકી ગ્રાહકને પીરસાઈ જતી હશે. આવી અસંખ્ય ઘટનાઓ નોંધાઈ ચૂકી છે.

આ ઉપરાંત વિધર્મી ફૂડ સમગ્ર વાનગી તૈયાર થઈ ગયા બાદ તેમાં થૂંકતા હોવાના સમાચારો પણ આવી ચૂક્યા છે. હોટલ કે ફેક્ટરી ભલે વેજ ફૂડની હોય, પણ તેમાં કામ કરનારા ની વૃતિ અને પ્રવૃત્તિ જાણી શકાતી નથી.

વર્તમાન ફૂડ ક્ષેત્ર એ પ્રગતિ ખૂબ કરી છે, પરંતુ ખેતી ખાસ પણ ફૂંકી-ફૂંકીને પીવી પડે તેવી છે.

# હું ભાજપમાં જોડાઈશ નહીં : થરૂર



**કોંગ્રેસને ટાંકતા તેઓએ કહ્યું , રાજકારણમાં પક્ષ માટે ચોક્કસ વિચારો અને સિદ્ધાંતો હોવા જરૂરી છે.'નહીં તો જાહેરાત કે મેનિફેસ્ટોનો કોઈ ફાયદો નથી.'**

નવીદિલ્હી, તા. ૨૬

શશિ થરૂરે ભવિષ્યની યોજનાઓને લઈને સ્ટોક લોન પર તાળાબંધી શરૂ કરી દીધી છે. તેમણે સ્પષ્ટ કર્યું કે તેઓ ભારતીય જનતા પાર્ટીમાં જોડાઈ રહ્યા નથી. ખાસ વાત એ છે કે થરૂરે તાજેતરમાં કહ્યું હતું કે જો કોંગ્રેસને તેમની જરૂર નથી, તો તેમની પાસે બીજા ઘણા વિકલ્પો છે. આ સાથે તેમની કોંગ્રેસની રજાનું ઉદઘાટન પણ ઝડપી કરવામાં આવ્યું હતું, જે પછી થરૂરે નકારી કાઢ્યું હતું. ભાજપમાં જોડાવાનો ઈનકાર કરવામાં આવ્યો છે અને વિવિધ કારણો આપવામાં આવ્યા છે. તેમણે કહ્યું, '...ના, દરેક પક્ષની પોતાની વિચારધારા અને ઈતિહાસ હોય છે. જો તમે તેમના વિચાર ન સ્વીકારી શકો તો અન્ય કોઈ પક્ષમાં તે ખોટું ગણાશે. મને આ યોગ્ય નથી લાગતું, પરંતુ સ્વતંત્ર રહેવાનો વિકલ્પ હંમેશા ખુલ્લો છે.

તેમણે કહ્યું, 'પરંતુ આજના રાજકીય મહારાષ્ટ્રમાં મને લાગે છે કે દરેકને એક પાર્ટી, એક સંગઠન, એક વાહનની જરૂર છે જે તેમના વિચારોને આગળ લઈ શકે.' રાજકારણમાં પક્ષ માટે ચોક્કસ વિચારો અને સિદ્ધાંતો હોવા જરૂરી છે. 'નહીં તો જાહેરાત કે મેનિફેસ્ટોનો કોઈ ફાયદો નથી.'

થરૂરે વધુમાં કહ્યું, 'આ સિવાય પાર્ટી એક વાહન છે. આમાં સંસ્થાકીય તાકાત હોવી જરૂરી છે, જેથી ચલણને આગળ લઈ જઈ શકાય અને તે સિદ્ધાંતોથી તાકાત મેળવી શકાય. તેમણે કહ્યું કે, 'રાષ્ટ્રીય સ્તરે ભાજપે તેને આગળ લઈ જવાની ક્ષમતા બતાવી છે, જે અમે ઘણા રાજ્યોમાં પુનરાવર્તન કરી શકતા નથી.' કેરળમાં સી.પી. આઈ.એમ બે ચૂંટણીમાં પોતાની ક્ષમતા બતાવી છે અને મને આમાં કંઈ ખોટું નથી લાગતું. અમે (કોંગ્રેસ) દરેક બૂથ પર સિટકોમની અછતનો સામનો કરી રહ્યા છીએ. અમે કેડર આધારિત પાર્ટી નથી. અમારી પાસે ઘણા નેતાઓ છે, પરંતુ અમારી પાસે પરમિટનો અભાવ છે.

થરૂરે આ પોસ્ટ એવા સમયે કરી છે જ્યારે તાજેતરમાં કેરળમાં લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટ (LDF) સરકાર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી જેવા રાજકીય વિરોધીઓના વખાણ કરવા માટે કોંગ્રેસ પાર્ટીની ટીકા થઈ રહી છે. તેમણે અર્થવ્યવસ્થાના સંચાલન માટે કેરળ સરકારની પ્રશંસા કરી હતી અને ભૂતપૂર્વ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથેની તેમની બેઠકમાં મોદીના રાજદ્વારી પ્રયાસોને પણ સ્વીકાર્યા હતા. તેમની ટિપ્પણીઓએ કોંગ્રેસને આંચકો આપ્યો છે, કેરળના પક્ષના મુખપત્રે તેને પક્ષને નબળી પાડવા માટે ''આત્મઘાતી'' ગણાવ્યો છે.

પરંતુ કોંગ્રેસની નેતાગીરી હવે આ મુદ્દાને કટોકટીમાં ફેરવવાને બદલે તેને હળવી કરી રહી છે.

અહેવાલો જણાવે છે કે શુક્રવારે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે જ્યાં થરૂર અને રાજ્ય કોંગ્રેસના નેતાઓ આ મામલાને ઉકેલવા માટે ભેગા થઈ શકે છે. પાર્ટીના નેતાઓ આંતરિક ઝઘડાને ટાળવા માટે થરૂરના નિવેદનો પર જાહેરમાં પ્રતિક્રિયા ન આપવા પણ સંમત થયા હતા.

# કેજરીવાલ પંજાબથી રાજ્યસભામાં કરી શકે છે એન્ટ્રી ?

## નવેમ્બરમાં બિહાર વિધાનસભા ચૂંટણીની સાથે પંજાબની આ વિધાનસભા બેઠક પર પેટાચૂંટણી પણ યોજાઈ શકે છે

નવીદિલ્હી, તા. ૨૬

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ રાજ્યસભામાં જઈ શકે છે. સૂત્રોને ટાંકીને એવું કહેવામાં આવી રહ્યું છે કે કેજરીવાલ પંજાબથી રાજ્યસભામાં જવાની અટકળો છે. જોકે, પાર્ટીએ ઔપચારિક નિવેદન જારી કરીને આ અટકળોને ફગાવી દીધી છે. આમ આદમી પાર્ટીએ રાજ્યસભાના સાંસદ સંજીવ અરોરાને લુધિયાણા પશ્ચિમ વિધાનસભા પેટાચૂંટણી માટે પાર્ટીના ઉમેદવાર બનાવ્યા છે. ત્યારથી એવી અટકળો ચાલી રહી છે કે સંજીવ અરોરાની જગ્યાએ કેજરીવાલ રાજ્યસભામાં જશે. પરંતુ પાર્ટીનું કહેવું છે કે કેજરીવાલ રાજ્યસભામાં નહીં જાય. પેટાચૂંટણીની તારીખ હજુ જાહેર કરવામાં આવી નથી પરંતુ આમ આદમી પાર્ટીએ સમય પહેલા ઉમેદવારની જાહેરાત કરી દીધી છે. નવેમ્બરમાં બિહાર વિધાનસભા ચૂંટણીની સાથે પંજાબની આ વિધાનસભા બેઠક પર પેટાચૂંટણી પણ યોજાઈ શકે છે.



આ કારણે એવી અટકળો લગાવવામાં આવી રહી છે કે સંજીવ અરોરાની જીત બાદ આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ તેમની ખાલી પડેલી રાજ્યસભા બેઠક પરથી સંસદમાં પ્રવેશ કરી શકે છે. પરંતુ રાજ્યસભાના પદ પરથી સંજીવ અરોરાનું રાજીનામું વિધાનસભા પેટાચૂંટણીના પરિણામો પર નિર્ભર રહેશે. નવેમ્બરમાં વિધાનસભા ચૂંટણીની સાથે પંજાબની સીટો પરથી પેટાચૂંટણી યોજાઈ શકે છે. આવી સ્થિતિમાં કેજરીવાલ રાજ્યસભાનો સંપર્ક કરશે કે નહીં તે નવેમ્બર પછી જ સ્પષ્ટ થશે.

ચર્ચા છે કે કેજરીવાલ રાજ્યસભાની ખાલી પડેલી સીટ ભરી શકે છે. યાદ રહે કે કેજરીવાલે ૨૦૧૪માં વારાણસીથી નરેન્દ્ર મોદી સામે લોકસભાની ચૂંટણી લડી હતી, પરંતુ હારી ગયા હતા. દિલ્હીમાં ૫ ફેબ્રુઆરીએ યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી (ઈઉડ) ૪૮ બેઠકો પર જીત મેળવી હતી. છેલ્લી બે ચૂંટણીમાં જીત મેળવનાર અઅડને માત્ર ૨૨ બેઠકો મળી હતી. હારનો અર્થ એ છે કે તમે માત્ર પંજાબમાં સત્તા પર છો. જો કે, અઅડએ આવા કોઈપણ સમાચારને નકારી કાઢ્યા છે. અરવિંદ કેજરીવાલ રાજ્યસભામાં નથી જઈ રહ્યા...જ્યાં સુધી અરવિંદ કેજરીવાલનો સવાલ છે, મીડિયાના સૂત્રો અગાઉ એમ કહી રહ્યા હતા કે તેઓ પંજાબના મુખ્યમંત્રી બનશે. હવે મીડિયા સૂત્રો કહી રહ્યા છે કે તેઓ રાજ્યસભામાંથી ચૂંટણી લડશે. આ બંને સૂત્રો તદ્દન ખોટા છે. અરવિંદ કેજરીવાલ અઅડના રાષ્ટ્રીય સંયોજક છે. હું સંમત છું કે તેમની માંગ ઘણી વધારે છે, પરંતુ તેઓ કોઈ એક સીટ સુધી મર્યાદિત નથી.

# તેલંગાણા ટનલમાં હજુ એક પણનો પત્તો નહીં

## અંતિમ બિંદુ સુધી સુરક્ષા જવાનો પહોચ્યા, છતાં સફળતા નહીં, ટનલમાં સતત ઓક્સિજન અપાઈ રહ્યું છે



નવીદિલ્હી, તા. ૨૬

એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ બુધવારે જણાવ્યું હતું કે તેલંગાણામાં તૂટી પડેલી જ્રઇઈ ટનલમાં ફસાયેલા આઠ કામદારોને બચાવવા માટે કામ કરી રહેલી બચાવ ટુકડીઓ ટનલના અંતિમ બિંદુ સુધી પહોંચવામાં અને પાછા ફરવામાં સફળ રહી છે, જે ચાલુ કામગીરીમાં એક નોંધપાત્ર સિદ્ધિ છે, એમ એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ બુધવારે જણાવ્યું હતું. ગઉછ્રક્ર, જઉછ્રક્ર અને ભારતીય સૈન્યના ટોચના નિષ્ણાતોને સંડોવતા મલ્ટી-એજન્સી બચાવ કામગીરી ચાલી રહી છે કારણ કે અધિકારીઓ ગુમ થયેલા કામદારોને શોધવા માટે સમય સામે દોડી રહ્યા છે. નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ, સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ અને ઉંદર માઇનર્સની ૨૦-સદસ્યની ટીમ મંગળવારે સફળતાપૂર્વક ટનલના છેલ્લા ભાગમાં પહોંચી ગયા પછી તેમની મર્યાદા અગાઉ ૪૦ મીટરના આંકને વટાવી ગઈ હતી. જો કે, પ્રગતિ હોવા છતાં, તેઓ હજુ સુધી ફસાયેલા લોકોને શોધી શક્યા નથી. પતન પછી પ્રથમ વખત, ગઉછ્રક્ર એ ગુમ થયેલા કામદારોને શોધવામાં મદદ કરવા માટે મંગળવારે સ્નિફર ડોગ્સ તૈનાત કર્યા. પ્રશિક્ષિત બચાવ કૂતરા કાટમાળ વચ્ચે જીવનના ચિહ્નો શોધવાની આશામાં ટીમો સાથે ટનલમાં પ્રવેશ્યા. જીઓલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (ત્ર્જ્ઞઈ) એ ટનલની સ્થિરતાનું મૂલ્યાંકન કરવા માટે સ્થળ પરથી માટીના નમૂના એકત્ર કર્યા છે, પરંતુ તેના રિપોર્ટની હજુ રાહ જોવાઈ રહી છે. અધિકારીઓનું કહેવું છે કે આગળની કાર્યવાહી માટે તારણો મહત્વપૂર્ણ રહેશે. બચાવ ટુકડીઓ ફસાયેલા કામદારો સાથે સંપર્ક સ્થાપિત કરી શકી નથી. જો કે, જ્યાં સુધી તેઓ પહોંચી ન શકે ત્યાં સુધી તેમને બચાવવા માટે ઓક્સિજનને ટનલમાં સતત પમ્પ કરવામાં આવી રહ્યો છે. તેલંગાણાના સિંચાઈ મંત્રી ઉત્તમ કુમાર રેડ્ડીએ તેને ભારતમાં, કદાચ વિશ્વમાં પણ સૌથી જટિલ ટનલ બચાવ કામગીરી તરીકે વર્ણવ્યું હતું. માત્ર એક જ પ્રવેશ અને બહાર નીકળવા સાથે, જ્રઇઈ ટનલ બચાવ કર્મચારીઓ માટે અનન્ય પડકારો રજૂ કરે છે. કેન્દ્રીય મંત્રી જી કિશન રેડ્ડીએ આ ઘટનાને ''દુર્ભાગ્યપૂર્ણ અકસ્માત'' ગણાવી અને ખાતરી આપી કે કેન્દ્ર તમામ જરૂરી સહાય પૂરી પાડી રહ્યું છે. તેમણે એ વાતની પણ પુષ્ટિ કરી કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેલંગાણાના મુખ્યમંત્રી રેવન્ત રેડ્ડી સાથે ચાલી રહેલા બચાવ પ્રયાસો વિશે વાત કરી છે. તેલંગાણાના મંત્રી જુપલ્લી કૃષ્ણ રાવે જણાવ્યું હતું કે ત્ર્જ્ઞઈ અને નેશનલ રિમોટ સેન્સિંગ એજન્સી તરફથી ૪૮ કલાકમાં રિપોર્ટ અપેક્ષિત છે. જ્યારે બચાવ પ્રયાસો ચાલુ રહેશે ત્યારે તારણો વધુ પતનના જોખમો નક્કી કરવામાં મદદ કરશે. ટનલની અંદર પાણી અને કાદવનો સતત પ્રવાહ નોંધપાત્ર અવરોધ બની રહે છે. કાટમાળ હટાવવાનો પ્રયાસ કરતી વખતે અધિકારીઓ બચાવકર્મીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સાવચેતી રાખી રહ્યા છે. ટનલની અંદર પાણી અને કાદવનો સતત પ્રવાહ નોંધપાત્ર અવરોધ બની રહે છે. કાટમાળ હટાવવાનો પ્રયાસ કરતી વખતે અધિકારીઓ બચાવકર્મીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સાવચેતી રાખી રહ્યા છે.

# શબ્દ બ્રહ્મ

## સદગુરૂ કૃપા હી કેવલમ્...

# શિવરાત્રી નો ઉપવાસ!

## જાન્હવી ની ''એન જી ઓ'' સંસ્થા શું કામ કરતી હતી! અને એમણે શિવરાત્રીને કંઈ રીતે મૂલવી.



બુધવારે શિવરાત્રી નો લેખ હતો એટલે બોધકથા ન આવી અને આજે શિવરાત્રી પૂરી થશે! એવું પંચાંગ બતાવે છે તો આપણે એ નિમિત્તે ખરેખર બોધ લેવા જેવો એક કિસ્સો જોઈએ,જે આજની પેઢીને સલામ કરવા જેવો છે.

જયા બા એ આખું ઘર માથે લીધું હતું, શિવરાત્રીનો તહેવાર આવતો હતો, અને બધાએ ફરજિયાત ઉપવાસ કરવાનો છે, એવું તેમણે ફરમાન ફરમાવી દીધું હતું. જયાબા નું ઘરમાં બહુ જ વર્ચસ્વ હતું, અને આજ્ઞાકારી દીકરાઓ તેમનો પડ્યો બોલ ઝીલતા હતાં. તેમની ભક્તિ પણ એવી હતી મહિના મહિનાના ઉપવાસ હજી આ ઉંમરે તે કરી શકતાં હતાં, અને એ પણ ચાર ટંક ખાઈને નહીં, કોક વાર તો માત્ર ફળ લેતાં, અને કોઈ વાર દૂધ. આકરા તપ અને સંયમથી જ જાત પવિત્ર થાય છે, તેવું તેમનું સ્પષ્ટપણે માનવું હતું. બીજી પેઢી સુધી આ સંસ્કાર ઉતર્યા હતાં, એટલે કે દીકરા દીકરી અને તેમની વહુ પણ દર મહિને અગિયારસ તેમજ સોમવારના ઉપવાસ અને અન્ય વ્રત રાખતાં. પરંતુ તેમના સંતાનોએ દર મહિનાના વ્રત કે અઠવાડિયાના વ્રતમાં જોકે નાદારી નોંધાવી દીધી હતી, કે દાદી અમે તો આવું નહીં જ કરીએ, જયા બા એ પણ પરિવર્તનને નામે આ સત્ય સ્વીકારી લીધું હતું. આ વખતે જ્યોતિષો તેમજ સપ્તાહ સાંભળવા જતા હતા એ મહારાજે કહ્યું હતું કે આ વખતની શિવરાત્રીનો સંયોગ બહુ જ દુર્લભ છે, અને કેટલાય વર્ષે આવો જ સંયોગ થયો છે. એટલે બધાએ વ્રત કરવું તો તેનો અનેરો લાભ પણ થાય, અને આ વાત સાંભળ્યા પછી જયા બા એ આ ફરમાન કરી દીધું હતું. સંતાનો વિચારતા હતા કે દાદીને કઈ રીતે સમજાવવા, અને જાન્હવી બોલી કે સામો સાબુદાણા રાજગરો થૂથૂથૂ.. પછી તો બધા એમ બધા કરવા લાગ્યાં. એટલે એ લોકો સંસ્કારી નહોતાં એવું નહોતું. પણ તેમના મત આ બાબતે જુદા પડતા હતાં. ધર્મ એટલે ઉપવાસ એકટાણા કે પૂજા અર્ચન ને જ ધર્મ થોડું કહેવાય! એવું થોડું હોય! તે લોકો સ્પષ્ટપણે માનતા હતાં, અને જાન્હવી તો અત્યારથી જ એક ''એન જી ઓ'' સંસ્થા સાથે જોડાયેલી હતી.

શિવરાત્રીનો દિવસ આવી ગયો અને જયાબા ના કહેવા અનુસાર ઘરના સૌ શિવરાત્રીનો ઉપવાસ કર્યો હતો, અને જયા બા શિવરાત્રીના માહાત્મ્યની કથા વાંચતા હતાં. તેમજ પંડિતને બોલાવી લઘુરુદ્રનો પાઠ પણ કર્યો હતો, તેમણે શિવલિંગ પર રુદ્રાભિષેક કરવા માટે પાંચ લિટર ગાયનું દૂધ પણ મંગાવ્યું હતું, અને ઘરના દરેક સદસ્યોએ ગાયના દૂધનો અભિષેક શિવલિંગ પર કરવાનો હતો. જાન્હવી એ વિચાર્યું કે પાંચ લિટર દૂધ આ રીતે વેસ્ટ જશે, અને આવું તો આજે ઠેર-ઠેર જોવા મળશે. દરેક શિવાલયોમાં શિવ શંકરના ખૂબ ભક્તો ઉમટી પડશે, અને અભિષેક ને નામે કેટલુંય દૂધ તેની પર ચઢાવશે! નથી કોઈ એ શંકર ને પૂછ્યું કે તમને દૂધ ચઢાવવું કે નહીં! કે કોઇ ગરીબ ના બાળક ને પૂછ્યું કે તમને દૂધ જોઈએ છે! બસ આ રીતે એક પરંપરાના નામે કેટલા બધા દૂધનો બગાડ થશે. અચાનક એને એક બહુ જ સુંદર વિચાર આવ્યો, અને તેણે તે વિચારો અમલમાં મૂકવાનું વિચાર્યું. એને પોતાના ઓર્ગેનાઇઝેશનમાં વાત કરી કે આપણે ૧૦૦ સભ્યો છીએ, અને આપણા શહેરમાં શંકરમાં મોટા ગણી શકાય એવા ૧૦ મંદિર છે, ૧૦ જણાની ૧૦ ટુકડી બનાવી અને આપણે દરેક મંદિર આગળ ઉભા રહેવાનું છે, અને જે ભક્તો દૂધ લઈને આવે તેને અમુક જણાં સમજાવી અને અભિષેકનું દૂધ ગરીબ બાળકોમાં વેંચવાની સલાહ આપે, અને જો ન માને તો બીજા મેમ્બરો મંદિરના પૂજારી સાથે વાતચીત કરી અથવા તો જે શિવલિંગ પર દૂધ ચઢાવવામાં આવે છે, ત્યાં થોડું ચડાવી અને બાજુમાં ડોલ રાખવામાં આવે, તો એ રીતે ઘણું દૂધ આજે આપણે ગરીબ અને અનાથ બાળકો માં વેચી શકીએ તેમ છીએ. અભિષેક ના નામે રૂપિયા પણ મંદિર વાળા લેતા હોય છે, તો એ રીતે લોકોને ચેરિટી કરવાનું પણ સમજાવી શકાય, અને એ રૂપિયામાંથી ગરીબોની મદદ થઈ શકે. જેમ કે હવે શિયાળો પૂરો થયો છે, અને ઉનાળો શરૂ થશે. તો આવી ગરમીમાં પગમાં સ્લીપર પહેર્યા વગર કામે જનારાને સ્લીપર અપાવી શકાય, ગરમીની ઋતુમાં દ્રાક્ષ, તરબૂચ, કેરીનો રસ, ઠંડા પીણાં, કે મીલ્ક શેઈક, આઈસ્ક્રીમ, વહેંચી શકાય. આ વાત તેના ઓર્ગેનાઇઝેશન વાળા બધા સભ્યોને એકદમ વ્યાજબી લાગી અને ૧૦ શિવ શંકરના મંદિર એ પહોંચી ગયાં.

નક્કી થયા મુજબ બધા મંદિરે આવનારા ભક્તો ને સમજાવતા હતાં, કે ભગવાન શિવ રુદ્રાભિષેક રાજી થાય છે, એ વાત સાચી પણ આટલું બધું દૂધ આ રીતે વેસ્ટ જાય એના કરતાં કોઈ ગરીબના બાળકોને જો આ દૂધ મળી જાય તો, સમાજની કુપોષણની જ સૌથી મોટી સમસ્યા છે, એ દૂર થઈ જાય. મંદિરોમાં આ રીતે મૂર્તિ દૂધ ચડાવવામાં આવે તો કોઈ પણ પ્રકારનો ચડાવો એ અંતે તો ભાવને રજૂ કરવાની એક રીત છે, આજ વાત આપણે શુ ભાવથી ભગવાન શંકરને સંકલ્પ કરીને, એટલું દાન-ધર્મ ગરીબ ગુરબાને કરવામાં આવે તો ભગવાન શંકર પણ કદાચ વધુ રાજી થાય. કારણ કે તે તો અનાથનો નાથ કહેવાય છે, અને આ રીતે બધી ટીમે જી જાનથી ખૂબ મહેનત કરી, અને સવારના લગભગ આઠ વાગ્યાથી ઉભેલા વિદ્યાર્થીઓ સાંજના છ વાગ્યા સુધી બધા મંદિરે આવતા ભક્તોને સમજાવતા રહ્યાં,અને એમણે આશરે ૭૦૦ લીટર જેટલું દૂધ ગરીબોમાં વહેંચ્યું, અને એ ઉપરાંત જે રોકડ રકમ ભેગી થઈ એમાંથી પણ ગરીબ લોકોની જરૂરિયાત મુજબ વસ્તુઓ આપીને એ રીતે શિવરાત્રીનો તહેવાર ઉજવ્યો.

સાંજે થાકી પાકી જ્યારે જાન્હવી ઘરે આવી ત્યારે, જયા બા એ મોઢું બગાડ્યું, અને કંઇ કેટલુંય સંભળાવ્યું, કે એક ઉપવાસ કરવાનું કહ્યું હતું અને એ પણ તમારા લોકોના સારા માટે કરવાનો હતો છતાં થયો નહીં. જાન્હવી કંઈ પણ બોલ્યાં વગર પોતાના રૂમમાં જતી રહી, અને ફ્રેશ થઈને કિચનમાં ગઈ, અને બધી ફરાળી જ આઈટમ હતી જે એને ભાવતી નહોતી.એણે વિચાર્યું કે આમ પણ દાદી નારાજ છે, અને મેગી પાસ્તા બનાવીશ તો વાતનું વતેસર થશે, એટલે એવું કંઈ કરવું નથી, અને એવું વિચારી એણે બે કેળા ખાધાં અને દૂધ પીને સૂઈ ગઈ. કેટલીય વાર થઈ પણ કિચનમાંથી કોઈ સુગંધ આવી નહીં, એટલે જયા બા જોવા આવ્યાં તો જાન્હવી સૂઈ ગઈ હતી. બીજે દિવસે જાન્હવી એ પોતાના ટીમ વર્કની વાત દાદીને કરી, અને કહ્યું કે દાદી ૭૦૦ લીટર જેટલું દૂધ, અને પંદર હજાર રોકડા રૂપિયા દાન પેટે મળ્યાં. દાદી બીજી તમને ગમતી એક વાત કહું!! અમારા આખાં ઓર્ગેનાઈઝેશન એ શિવરાત્રીનો ઉપવાસ કર્યો, અને એ પણ નકોરડો, કોઈ એ લગભગ કંઈ ખાધું નથી. એ લોકો એ ઘરે ગયા પછી કંઈક ખાધું હોય તો ખબર નહીં, પણ મેં તો બે કેળા અને માત્ર એક કપ દૂધ! જાન્હવીના ટીમ વર્કની વાતથી દાદી ખૂબ જ પ્રભાવિત થયા, અને પૌત્રીને ભેટી પડ્યા. થોડીવાર પછી જયા બા એ પૂછ્યું કે આવો વિચાર તને આવ્યો કંઈ રીતે? જાન્હવી એ કહ્યું કે દાદી એકવખત તમારી સાથે શંકરનાં મંદિરે આવી હતી, ત્યારે મંદિરની બહાર નીકળતા ખાળ પાસે કેટલાય ગરીબ બાળકોને મોઢું રાખી દૂધ પીતા જોયા હતા. ગઈકાલે જ્યારે તમે પાંચ લીટર દૂધ મંગાવ્યું ત્યારે એ દ્રશ્ય તરત યાદ આવી ગયું,અને એમાંથી આ કાર્ય થયું. જયા બા એ અફસોસ કર્યા કે ૭૦૫ લીટર દૂધ તમને મળી શકત પણ મારી અંધશ્રદ્ધાને કારણે... ત્યાં જ જાન્હવીની મમ્મી એટલે કે જ્યોતિકા એ કહ્યું બા પાંચ નહીં અઢી લીટર જ !! બા એ કહ્યું એમ કેમ ! એણે કહ્યું મેં એમાં ભગવાનની માફી માંગીને પાણી મેળવ્યું, અને એ દૂધ શ્યામલીનાં દીકરા માટે આપી દીધું. જયા બા એ કહ્યું મા દીકરી બંને એ સાચી શંકરની સાચી ભક્તિ કરી કારણ કે શંકર એટલે કલ્યાણ અને તમે બંને એ ગરીબોના કલ્યાણનું વિચાર્યું જે પણ પૂજા જ છે.

લી. ફાલ્ગુની વસાવડા. (ભાવનગર)

!! લાખ રૂપિયાની વાત !!
ઘણી વાર જિંદગીમાં તકલીફો
આપણી પરીક્ષા લેવા માટે
નથી આવતી,
પણ આપણી સાથે
જોડાયેલા
લોકોની સાચી
ઓળખાણ
કરવા માટે આવે છે...



પુ ભક્તિ સ્વામીજી
પ્રમુખ શ્રી અખિલ ભારતીય સંત સમિતિ રાજકોટ જિલ્લા
પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

### બેંકો સાથે ઠગાઇના કિસ્સા અવાર-નવાર બનતાં હોય છેઃ એક ચોંકાવનારી ઘટના આવી સામે

# બે કર્મચારી બેંકની લાખોની ખોટી નોટો ચાંઉ કરી ગયા!

## ઠગાઇના અન્ય બનાવમાં ઈન્સ્ટાગ્રામ પર પેન્સીલ પેકીંગ કરી કમાણીની જાહેરાત જોઇ મહિલાએ ફોન કર્યો અને ફ્રોડ થઇ ગયું

રાજકોટઃ ચોરી, ઠગાઇ, ગઠીયાગીરી, લૂંટ સહિતની ગુનાખોરીની ઘટનાઓ બનતી જ રહેતી હોય છે. જો કે ક્યારેક એવી ઘટના બની જતી હોય છે જે બધાને ચોંકાવી દેતી હોય છે અને વિચારમાં મુકી દેતી હોય છે. તેમાં પણ બેંકો સાથે ઠગાઇના કિસ્સા પણ વારંવાર બનતા હોય છે. ત્યારે એક એવો બનાવ બન્યો છે જેમાં બેંકમાં આવતી ખોટી કરન્સી નોટોની બે કર્મચારીએ ઉચાપત કરી લીધી છે. રૂપિયા સાડા આઠ લાખની આવી નોન ઇશ્યુએબલ કરન્સી નોટો બે કર્મચારી સહિતના ચરા જણા ગાયબ કરી જતાં એફઆઇઆર દાખલ થઇ છે. બીજી એક ઠગાઇમાં ઇન્સ્ટાગ્રામ પર પેન્સીલ પેકીગના નામે કમાણી કરવા તેમાં આપેલા નંબર પર મહિલાએ ફોન કરતાં છેતરપીંડી થઇ ગઇ હતી.




પ્રથમ ઘટના પર નજર કરીએ તો ભુજ કચ્છ જિલ્લાની બેન્ક ઓફ બરોડાની અલગ અલગ ચાર બ્રાન્ચ સહિત તેમજ અન્ય ચારથી પાંચ બેન્કોમાં આવતી નોન ઇશ્યુએબલ ૮,૩૬,૯૨૦ની કરન્સી નોટો ઉચાપત કરનારા ભુજ બેન્ક ઓફ બરોડાના બે કર્મચારી સહિત ચાર લોકો સામે બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવાઇ છે. માધાપર રહેતા અને ભુજ બેન્ક ઓફ બરોડાની મેઇન બ્રાન્ચમાં મેનેજર તરીકે નોકરી કરતા જયદીપ ક્ષેમેન્દ્રકુમાર શર્માની ફરિયાદને ટાંકીને પોલીસે જણાવ્યું હતું કે, ભુજના સ્ટેશન રોડ પર બેન્ક ઓફ બરોડાની મેઇન બ્રાન્ચના કરન્સી ચેસ્ટ ખાતે બન્યો હતો.

બેન્કમાં કચ્છ જિલ્લાની વિવિધ ૪૩ બ્રાન્ચ તેમજ અલગ અલગ ચારથી પાંચ બેન્કોમાંથી આવેલી સોર્ટીંગ કરી સીઝ કર્યા પછી રીજર્વ બેન્કમાં મોકલી આપવાની હોઇ બેન્કમાં વર્ક લોડ વધુ હોવાથી બેન્કમાં કામ કરતા અશોકકુમાર અને સચીન મીરાણી તેમજ સીઝ કેસ સવસિસ કંપનીના કર્મચાર રાહુલ રાઠોડ અને સાવન ડાવર સહિતના ચાર લોકોએ કરન્સી નોટોના બન્ડલ બનાવીને રીઝર્વ બેન્કમાં મોકલી આપ્યા હતા. તપાસ દરમિયાન કરન્સી નોટોના બન્ડલમાં નોન ઇશ્યુએબલ ૫૦૦ના દરની ૧,૨૨૩, તથા ચેસ્ટ કરન્સી ખાતે પડેલી ૫૦૦ના દરની ૪૨૭ નોટો, દસના દરની ૭૪ નોટો ૨૦ના દરની ૩૪ નોટો એમ કુલે રૂપિયા ૮,૩૬,૯૨૦ની નોન ઇશ્યુએબલ નોટની જમા ન કરાવી હોવાનું સામે આવતાં ભુજ બી ડિવિઝન પોલીસ મથકે આરોપીઓ સામે ઉચાપત કર્યા અંગે ફરિયાદ નોંધાવાઇ છે. ઠગાઇના કિસ્સા પર નજર કરીએ તો સોશિયલ મીડિયા મારફતે લોભામણી અને ટૂંક સમયમાં વધુ કમાણીની લાલચ વાળી જાહેરાત જોઈ લોકો અવાર નવાર ઑનલાઇન ફ્રોડનો શિકાર બનતા જાય છે. જે ઘટનાને લઈ સરકાર દ્વારા ચલાવાય રહેલા જાગૃતિ અભિયાન બાદ પણ લોકો ટૂંકા ગાળે વધુ આવકની લાલચ રોકી શકતા નથી અને યેનકેન પ્રકારે સાયબર ગઠિયાની માયાજાળમાં ફસાતા જાય છે. ત્યારે કામરેજની નોકરિયાત મહિલાએ ઇન્સ્ટાગ્રામ પર પેન્સિલ પેકિંગની રીલ્સ જોઈ સાયબર ગઠિયાની દોરવણી મુજબ તેણે માગેલી રકમ ઓનલાઇન ટ્રાન્સફર કરતી ગઈ અને અંતે ૧.૪૦ લાખ ગુમાવવાનો વારો આવ્યો હતો. કામરેજની ખોંડલધામ રેસી.ખાતે રહેતા કૃપા જયંતીભાઈ સાવલિયા નોકરી કરે છે. તેમના મોબાઇલમાં ઈન્સ્ટાગ્રામ માધ્યમથી પેન્સિલ, રબર, બોલપેન પેકીંગ માટેની જાહેરાત જોતા આપેલા નંબર પર તેમણે કોલ કર્યો હતો. પહેલા ધંધો શરૂ કરવા આઈ કાર્ડ માટે તેમની પાસે ૬૦૦ ગૂગલ પે કરાવી બીજા દિવસે માલ મળી જશે કીધુ હતું.

પરંતુ બીજા દિવસે ફરી તેમની પાસે ૬૯૯૮, બાદમાં ટ્રાન્ઝેક્શન ચાર્જિસ સહિત અલગ અલગ રકમ મળી કુલ ૧,૩૯,૯૯૪ અજાણ્યા નંબર પર ટ્રાન્સફર કરાવી લીધા હતા. જે ફરી પરત મેળવવા ટ્રાન્જેક્શન ચાર્જ માગ્યો હતો. પરંતુ પરિસ્થિતિ પામી ગયેલા અને ભોગ બનેલા કૃપા સાવલીયાએ સાયબર ફ્રોડની ઘટનાની ઓનલાઇન તેમજ બાદમાં કામરેજ પોલીસ મથકે અજાણ્યા મોબાઇલ ધારક વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરાવતાં તપાસ શરૂ કરવામાં આવી હતી.


# ગુજરાતી સાહિત્ય જગતમાં પડી ખોટ, નિબંધકાર - કવિ અનિલ જોશીનું નિધન

રાજકોટ મિરર તા.૨૬

ગુજરાતી સાહિત્ય જગતમાં એક મોટી ખોટ પડી છે. જાણીતા નિબંધકાર અને કવિ અનિલ જોશીનું મુંબઈ ખાતે નિધન થયું છે. અનિલ જોશીના પુત્ર સંકેત જોશીએ ફેસબુક પોસ્ટ દ્વારા આ સમાચારની પુષ્ટી કરી છે.

ગુજરાતી નિબંધકાર અને કવિ અનિલ રમાનાથ જોશીએ માંદગી બાદ દુનિયામાંથી વિદાય લીધી છે. તેમના પુત્ર સંકેત અનિલ જોશીએ ફેસબૂક પોસ્ટ પર આ જાણકારી આપી છે. સંકેતે લખ્યું કે પપ્પા હવે આપણી સાથે નથી રહ્યા. આજે સવારે તેમણે આ વિશ્વને અલવિદા કહી દીધું છે. અનિલ જોશી કેટલીક સ્વાસ્થ્ય સંબંધિત બિમારી સામે લડી રહ્યાં હતાં. હોસ્પિટલમાં તેમની સારવાર પણ ચાલી રહી હતી. હોસ્પિટલમાંથી ડિચાર્જ થયાના થોડા દિવસો બાદ જ તેમણે દેહ છોડી દીધો.

અનિલ રમાનાથ જોશીનો જન્મ ગોંડલમાં થયો હતો. તેમણે પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ અનુક્રમે ગોંડલ અને મોરબીમાં લીધું હતું. ૧૯૬૪માં તેમણે એચ.કે.આર્ટસ કોલેજ, અમદાવાદથી ગુજરાતી અને સંસ્કૃત વિષયો સાથે વિનયનના સ્નાતક (બેચલર ઓફ આર્ટસ)ની પદવી મેળવી હતી. અનિલ જોશીની કારકિર્દીની શરૂઆત એક શિક્ષક તરીકે થઈ હતી. અનિલ જોશીએ હિંમતનગર, અમરેલીમાં શિક્ષક તરીકે ફરજ બજાવી હતી. આ સિવાય ૧૯૭૧ થી ૧૯૭૬ સુધી તેઓ 'કોમર્સ' સામયિકના તંત્રી રહી ચુક્યા છે. તેઓ વાડીલાલ ડગલીના પી.એ. પરિચય ટ્રસ્ટમાં સહસંપાદક રહ્યા હતા. તેમણે ૧૯૭૭થી આજ સુધી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં લેંગ્વેજ ડેવલપમેન્ટ પ્રોજેક્ટમાં ગુજરાતી ભાષાના મુખ્ય સલાહકાર તરીકે ફરજ બજાવી છે.



સાહિત્યકારના સર્જનની વાત કરીએ તો કદાચ અને બરફના પંખી જેવા કાવ્યસંગ્રહો લોકપ્રિયા છે. તેમજ પવનની વ્યાસપીઠે લલિત નિબંધસંગ્રહ અને બોલપેન, બારીને પડદાનું કફન, દિવસનું અંધારું છે જેવા નિબંધસંગ્રહથી તેમની લોકપ્રિયતા છે.

જેમાં તેમણે ગીત, મુક્ત પદો, ગઝલ, નિબંધ જેવા સાહિત્ય ક્ષેત્રે ખેડાણ કર્યુ છે. તેમના નોંધપાત્ર સર્જનની વાત કરીએ તો 'કદાચ' (૧૯૭૦) અને 'બરફનાં પંખી' (૧૯૮૧) એમના કાવ્યસંગ્રહો છે. સાતમા-આઠમા દાયકાના નવતર કવિઓમાં અનિલ જોશીનું મહત્ત્વનું સ્થાન રહ્યું. ૧૯૬૦ પછી કવિતામાં આધુનિક વલણો દેખાયાં અને વિસ્તર્યાં ત્યારે ગીતને પણ આધુનિકતાનો સ્પર્શ થયો. ગુજરાતી ગીતમાં આધુનિકતાનો એવો ઉન્મેષ અનિલ જોશીનાં ગીતોમાં પમાયો. પરંપરાગત ગુજરાતી ગીતને એમણે દઢ તર્ક વગેરેમાંથી મુક્ત કર્યું. મર્યાદિત ભાવ-અર્થબોધના પ્રણાલિકાગત સંદર્ભોમાંથી પણ અનિલ જોશીને હાથે ગીત મુક્તિ પામે છે. ગીતમાં એમણે નવતર અને સાંપ્રત જીવનસંદર્ભોને નવા ભાવાર્થસાહચર્યોથી રજૂ કર્યા, અપરિચિત શબ્દસાહચર્યો વડે ગીતમાં નવું વાતાવરણ તથા અરૂઢ મિજાજ એ લઈ આવ્યા.

તળપદા ભાવો, શબ્દો, તળપદા લય વગેરે પ્રયોજવા સાથે એમણે ગીતમાં શિષ્ટ અભિવ્યક્તિ પણ સિદ્ધ કરી. દીર્ઘલયનાં ગીતો પણ એમનો વિશેષ રહ્યો છે. પ્રેમસંવેદન ઉપરાંત યંત્રચેતનાગત ભાવસ્પંદનો પણ એમની કવિતામાં ધ્યાન ખેંચે છે. ખાસ તો લયબદ્ધ અને અછાંદસ કવિતામાં નાગરી ચેતનાનો અનુભવ થાય છે. એમની અછાંદસ કવિતા વ્યંગ, કાકુ વગેરેથી પણ સ્પર્શ્ય બનેલી છે. ગઝલ એમને ખાસ સદી નથી. 'બરફનાં પંખી'ને જયન્ત પાઠક પારિતોષિક મળ્યું છે.

'રંગ સંગ કિરતાર' (૨૦૦૫)માં એમનાં ચિંતનાત્મક લખાણો છે. 'અનિલ જોશીની કેટલીક વાર્તાઓ' એમનું વાર્તા સંપાદનનું પુસ્તક છે.

# પ્રિન્સીપાલે નિવૃતિના કાગળો માટે કર્મચારી પાસે લાંચ માંગી

## નિવૃત થઇ રહેલા કર્મચારી પાસે સિત્તેર હજાર માંગ્યાઃ ACBને જાણ કરતાં થઇ કાર્યવાહી

રાજકોટઃ લાંચીયા અધિકારીઓ, કર્મચારીઓના પાપ ગમે ત્યારે છાપરે ચડતાં જ હોય છે. આવા લોકો સરકારી કે અર્ધસરકારી કચેરીઓમાં હોદ્દા પર બીરાજી પ્રજાજનોના કે કચેરીના કામકાજ કરવાનું જે મસમોટુ મહેનતાણુ લેતા હોય છે તેની સાથે સાથે ઉપરની મલાઇ ખાવાના પણ આદતી બની ગયા છે અને આ કારણે તેઓ લાંચ લીધા વગર કોઇના કામ કરતા જ હોતાં નથી. દરમિયાન એક શાળાના પ્રિન્સીપાલે નિવૃત કર્મચારીના નિવૃતીના કાગળો તૈયાર કરવા બદલ લાંચ માંગી લીધી હતી. સિત્તેર હજારની લાંચ આપવા કર્મચારી તૈયાર ન હોઇ એન્ટી કરપ્શન બ્યુરોને જાણ કરી દેતાં એસીબીએ છટકુ ગોઠવી આ પ્રિન્સીપાલને સિત્તેર હજારની લાંચના છટકામાં ઝડપી લઇ કાયદાના ક્લાસ લીધા હતાં.



આ ચોંકાવનારી અને ચર્ચાસ્પદ ઘટનાની વિગતો પર નજર કરીએ તો અમદાવાદના સરદારનગર વિસ્તારમાં આવેલી ધી એવરગ્રીન હાઇસ્કુલના પ્રિન્સિપાલ વિરુદ્ધ રૂ. ૭૦ હજારની લાંચની માગ અંગેનો ગુનો એસીબી દ્વારા નોંધવામાં આવ્યો છે. સ્કૂલના કર્મચારી નિવૃત્ત થતા હતા ત્યારે તેમના પગાર ગ્રેજ્યુએટી અને પેન્શન વગેરે અંગેના કાગળો તૈયાર કરવા માટે લાંચ માગવામાં આવી હતી. એસીબી દ્વારા લાંચનું છટકું ગોઠવવામાં આવ્યું હતું. જોકે નિષ્ફળ જતા આ મામલે હવે લાંચ માંગવાનો ગુનો નોંધવામાં આવ્યો છે. એસીબીના ફરિયાદ મળી હતી કે, સરદારનગર વિસ્તારમાં આવેલા ધી એવરગ્રીન સ્કૂલના કર્મચારી અને તેઓ વય નિવૃત્ત થતા હોવાથી સ્કૂલના પ્રિન્સિપાલ અશોક મોહનલાલ દુલ્હનાણીએ તેમની પાસે વય નિવૃતી પેન્શન, ગ્રેજ્યુઇટી, રજા રોકડ, જી.પી.એફ વિગેરેનાં કાગળો બનાવી આપવા માટે જે-તે સમયે રૂ.૭૦ હજારની લાંચની માંગણી કરી હતી,

પરંતુ આ રકમની સામે રૂ. ૨૦૦૦૦ની વ્યવસ્થા હોવાનું તેમને જણાવાયુ હતું. બાકીના રૂ.૫૦ હજાર પછીથી આપવા કહ્યું હતું, પરંતુ અશોક દુલ્હનાણીને લાંચની રકમ આપવા માંગતા ન હોવાથી એસીબીનો સંપર્ક કર્યો હતો વર્ષ ૨૦૨૩માં લાંચની ફરિયાદ એસીબીને આપી હતી. જેના માટે એસીબીએ લાંચના છટકાનું આયોજન કર્યું હતું. જે લાંચનું છટકું અનિવાર્ય સંજોગોના કારણે નિષ્ફળ થયું હતું. નિષ્ફળ રહ્યા બાદ તેની તપાસ કરવામાં આવી હતી. દસ્તાવેજી પુરાવા, વૈજ્ઞાનીક પુરાવા, સંયોગીક પુરાવા મળતા લાંચની માંગણીનો ગુનો બનતો હોવાને લઈને આ મામલે ગુનો નોંધવામાં આવ્યો છે. સરકારના જુદા-જુદા વિભાગોમાં ફરજ બજાવતાં સરકારી અધિકારી કર્મચારી દ્વારા કાયદેસર ના મહેનતાણા સિવાય જાહેર જનતા પાસે જો કોઈ ગેરકાયદેસર અવેજની માંગણી કરવામાં આવેતો તેઓ સરકારી અધિકારી/કર્મચારીઓ અંગેની જાણ એ.સી.બી. કચેરીના ટોલ ફ્રી નં-૧૦૬૪ ઉપર કરવા જાગૃત જનતાને જણાવવામાં આવે છે.

## મક્કા મદીનાની ટૂરના બહાને ત્રણ લાખની ઠગાઇ અગાઉ પણ આવા બનાવમાં છેતરાયા છે લોકો

ઠગાઇના અન્ય એક બનાવમાં વડોદરા શહેરના ગોરવા વિસ્તારમાં આવેલ મધુનગર વિસ્તારમાં ઓફિસ ચલાવી ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સનો ધંધો કરતા વેપારી બે પરિવારને ઉમરાહ માટે મક્કા મદીના ખાતે લઈ જવાનું કહીને ૨.૯૫ લાખ પડાવી લીધા હતા. પરંતુ વારંવાર વાયદા આપ્યા હોવા છતાં ઉમરાહ માટે નહીં લઈ જઈને ઠગાઈ આચરી હતી. જેથી યુવકે ગોરવા પોલીસ સ્ટેશનમાં ઠગ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. વડોદરા શહેરના કરોડિયા રોડ પર લક્ષ્મીનારાયણ નગરમાં રહેતા સમીર રાજેન્દ્રસિંહ રણાએ ગોરવા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, મારા પરીવારને ઉમરાહ માટે મક્કા મદીના ખાતે જવાનુ હોય તે અંગેની જાણ આ સોએબ ઈકબાલ રાણાને થતા તેઓએ મારો સંપર્ક ડિસેમ્બર ૨૦૨૪માં કર્યો હતો અને તેઓએ જણાવ્યું હતું કે, તેઓ ભંડારી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના નામથી વેપાર ધંધો કરે છે અને લોકોને મક્કા મદીના ખાતે ઉમરાહ માટે મોકલે છે.

જેથી હું તેઓને ગોરવા ખાતે આવેલ ખાનગી રેસ્ટોરન્ટ ખાતે મળ્યા હતા. મારા કાકા જીતેંદ્રસિંહ માનસિંહ રણા તથા મારા દાદી જૂબેદાબેન માનસિંહ રણા તથા મારા દાઠી બાનુબેન ગંભીરસિંહ રણાને ઉમરાહ માટે મક્કા મદીના જવાની વાત કરી હતી. જેથી તેઓએ અમને એક વ્યક્તિ દીઠ રૂ. ૫૫ હજાર થશે તેમ જણાવ્યુ હતું અને અમને આ રકમ યોગ્ય લાગતા મારા પરીવારના સભ્યોનુ મક્કા મદીના ખાતે ઉમરાહ માટે જવાનુ બુકીંગ કરવા કહેતા ત્રણ વ્યક્તિના મળી રૂ. ૧.૬૫ લાખ થશે તેમ સોએબ ઈકબાલભાઈ રાણાએ મને જણાવ્યું હતુ અને તમારૂ મક્કા મદીના જવાનુ કામ ૧૫ દિવસમાં થઈ જશે. જેથી અમે તેઓના વિશ્વાસમાં આવી ગયેલા અને રૂ. ૬૦ હજાર ઓનલાઇન ટ્રાન્સફર કર્યા હતા.


જ્યારે બાકીના રૂપીયા વિઝા તથા ટિકીટ આવ્યા બાદ જમાં કરાવવાના હતા. તેઓએ અમારા કાકા તથા દાદીના વિઝા તથા ટીકીટની નકલ મોકલી હતી અને જણાવેલ કે તેઓને ૨૯ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ ઉમરાહ માટે જવાનુ છે અને બાકીના નાણા ભરપાઈ કરવા જણાવતા અમે સોએબ ઈકબાલ રણાને ૧.૦૫ લાખ મળી રૂ. ૧.૬૫ લાખ આપ્યા હતા. પરંતુ અમારા કાકા તથા દાદીને સોયેબ ઈકબાલ રાણાને આ બાબતે વાત કરતા તેઓએ ટુર કેન્સલ થયો છે અને આ ટુર પાંચ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ થશે તેમ જણાવ્યુ હતું. તેઓએ અમને એર ઇન્ડીયાની ટિકિટ પણ મોક્લી હતી પરંતુ તે ટુર પણ કેન્સલ થયેલ છે અને ૭ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ ટુર જશે તેમ જણાવ્યુ હતું પરંતુ તે દિવસે પણ તેઓ અમારા કાકા તથા દાદીને ઉમરાહ માટે લઈને ગયો ન હતો. બીજી તારીખ આવશે એટલે તમને જણાવીશ તેમ કહેતા નાણા સોએબ ઈક્લાબ રાણા પાસે પરત માંગ્યા હતા તેણે રૂ. ૧.૬૫ લાખ પરત આપતો નથી. સોએબ ઈકબાલ રાણાને ફોન કરતા તેઓ અમારી ફોન ઉપાડતા ન હોય તેમજ તેઓની ઓફિસ પાર્ક એવન્યુ તુસૈનીપાર્ક પાસે ગોરવા મધુનગર ખાતે જતા સોએબ ઈકબાલ રાણા ત્યા હાજર મળ્યો ન હતો. આ પછી ખબર પડી હતી કે તેમની સાથે ઠગાઇ થઇ છે. આ મામલે પોલીસે કાર્યવાહી કરી છે.

# આર.કે ગ્રુપ વિવાદમાં : સરાજાહેર ગેરકાયદે ખનનના આરોપ

## છેવાડાના ગામમાં જ્યારે ખનન થતું હોય તો વિભાગ તાકીદે ત્રાટકે છે અને યોગ્ય કાર્યવાહી કરે છે તો આ કિસ્સામાં વિભાગની ચુપકીદી કેમ ? ઊભા થઈ રહ્યા છે અનેક પ્રશ્નો

રાજકોટ, તા. ૨૬

એક તરફ એવું કહેવાય છે કે રિયલ એસ્ટેટ ક્ષેત્ર પર માઠી બેઠી છે તો બીજી તરફ સ્ટેટ ક્ષેત્ર સાથે જોડાયેલા ડેવલોપર દ્વારા જે પ્રકારે ગેરરીતિ આચરવામાં આવે છે તો તેના પર અંકુશ લાદવા તંત્ર જાણે પાણીમાં બેસી જતું હોય તેવું ચિત્ર એક વખત નહીં અને એક વખત ઉભું થઈ રહ્યું છે રાજકોટના જાણીતા એવા આર.કે બિલ્ડર ગ્રુપ ફરી એક વખત વિવાદના વંટોળમાં ફસાયું છે તો ગુંદાળા ગામનો આર કે ઇન્ટરનેશનલ પાર્ક હોય કે પછી ત્રંબાથી આગળ આવેલા આર.કે ઇન્ડસ્ટ્રીયલ વર્લ્ડ પ્રોજેક્ટ હોય બંનેમાં ખનીજ ચોરી પુષ્કળ પ્રમાણમાં બિલ્ડર કરતા હોવાની વાત વાયુવેગે વહેતી થઈ છે આ અંગે સ્થાનિક પ્રશાસન એટલે કે જિલ્લા વહીવટી તંત્ર અને ખાણ ખનીજ વિભાગને પણ ખ્યાલ હોવાનું માલુમ




પડ્યું છે પરંતુ કોઈ કારણોસર જે પગલાં લેવામાં આવવા જોઈએ તે લેવાતા નથી.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ઢાંઢિયા ગામે આર.કે ગ્રુપ દ્વારા ખનીજ ચોરી કરવામાં આવી હતી અને ખોદકામ પણ ચાલુ કરાયું હતું જે હવે પૂર્ણ થઈ ચૂક્યું છે અને ફરી વખત ત્રંબાથી આગળ આવેલા રેતી ખનન કરવામાં આવતું હોવાનું સૂત્ર જણાવી રહ્યા છે ત્યારે આ અંગે જિલ્લા વહીવટી વિભાગને ખ્યાલ હોય જ છે પરંતુ વિભાગ કેમ આંખ આડા કાન કરે તે માલૂમ પડતું નથી. એટલું જ નહીં આર કે વર્લ્ડ પ્રોજેક્ટ જે ચાલી રહ્યો છે તેમાં ચોરી કરેલી લાખો ટન ખનીજનો ઉપયોગ કરવામાં આવ્યો છે ત્યારે હવે સતત એ વાત ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે કે શું આર કે ગ્રુપ ઉપર વહીવટી પાક પગલાં લેશે કે કેમ ? કોના સાથ સહકારથી આ પ્રકારનું કારસ્તાન આચરવામાં આવે છે તે અંગે પણ યોગ્ય તપાસ થાય તે ખૂબ જરૂરી અને આવશ્યક છે.

અમદાવાદ હાઈવે પર ગુંદાળા ખાતે સરવે નંબર સાત, આઠ અને નવ પર બની રહેલાં આર. કે. ઈન્ટરનેશનલ પાર્ક'ને આકર્ષિત બનાવવા ગ્રુપ દ્વારા સરકારી ખરાબાની જમીનમાં સિમેન્ટ રોડ બનાવી નાખ્યો અને કોઈ મંજૂરી ન લીધી હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે.

મહત્વનું એ છે કે આ મુદ્દે સ્થાનિક પ્રશાસન ઊંડાણપૂર્વક તપાસ કરે અને તટસ્થ રીતે સમગ્ર કાર્યવાહી હાથ ધરવામાં આવે તો અનેકના તપેલા ચડી શકે તેમ છે અને સાથોસાથ નવા કૌભાંડો અને કોની સંડોવણી છે તેની પણ માહિતી મળી શકે. પરંતુ વાસ્તવિકતા તો એ છે કે આ તમામ મુદ્દે વિભાગ હાલ ચૂપ છે.

મહત્વનું તો એ છે કે જો છડે ચોક ખનીજ ચોરી થતી હોય અને તંત્રને જાણ ન હોય તે વાત ગળે ઉતરે નહીં કારણકે છે વાળાની જગ્યામાં પણ જો ખનીજ ચોરી થતી હોય ત્યાં ખાણ ખનીજ વિભાગ પહોંચી જતું હોય છે અને આકરી કાર્યવાહી પણ કરે છે ત્યારે આ કિસ્સામાં વિભાગ હજુ સુધી ચૂપ છે તે અનેક પ્રશ્નો ઊભા કરે છે અને આ અંગે તજજ્ઞ ના જણાવ્યા મુજબ જો યોગ્ય તપાસ કરવામાં આવશે તો જ ભાંડો ફૂટશે નહીં તર ભીનું સંકેલાઈ જાય તો પણ નવાઈ નહીં. આર.કે ગ્રુપ ભૂતકાળમાં આવકવેરા વિભાગ ના જપટે પણ ચડી ગયું છે છતાં પણ શાન ઠેકાણે આવી ન હોય તેવું ચિત્ર હાલ ઉભું થયું છે કોઈપણ ડર વગર આર કે ગ્રુપ દ્વારા જે રીતે ખનન કરવામાં આવી રહ્યું છે અને કોઈ પણ મંજૂરી લીધા વગર જે રોડ બનાવી દેવામાં આવ્યા છે તેનાથી વહીવટી પાકની કામગીરી પર અનેક પ્રશ્નો ઊભા થયા છે.

### શહેરમાં રોજબરોજ સર્જાતા અકસ્માતોની હારામાળા વચ્ચે વધુ એકનો જીવ ગયો

# હિટ એન્ડ રનઃ નિર્મલા રોડ પર બાઈકચાલકે વેપારીનો ભોગ લીધો

## મનહરપુરના કરિયાણાના વેપારી પત્નિ સાથે રસ્તો ઓળંગતા હતાં ત્યારે ઠોકરે લઇ બાઇકચાલક ભાગી ગયોઃ પરિવારમાં માતમઃ બીજા બનાવમાં ત્રીસ વર્ષના મહિલાનું બેભાન હાલતમાં થયું મોત

રાજકોટઃ શહેરમાં વાહન અકસ્માતમાં મૃત્યુની વધુ એક ઘટનામાં એક પરિવારના મોભી છીનવાઇ ગયા હતાં. અવાર-નવાર નાના મોટા અકસ્માત સર્જાતા રહે છે. જેમાં લોકોને ઇજા થવાની સાથે સાથે ક્યારેક મૃત્યુ પણ નિપજે છે. નિર્મલા રોડ પર એક હિટ એન્ડ રનના બનાવમાં કરિયાણાના વેપારીનું મૃત્યુ થયું છે. જામનગર રોડ પર રહેતાં આ વેપારી પોતાના પત્નિની તબીયત બતાવવા આવ્યા હોઇ રસ્તો ઓળંગતા હતાં ત્યારે મોટરસાઇકલનો ચાલક તેમને ઉલાળીને ભાગી ગયો હતો. સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું. જીવલેણ અકસ્માત સર્જી ભાગી ગયેલા વાહનચાલકને શોધવા પોલીસે તપાસ શરૂ કરી છે.

ઘટનાની વિગતો પર નજર કરીએ તો જામનગર રોડ પર આવેલા મનહરપુર-૧ ઉમિયાધારા સોસાયટીમાં રહેતાં અડતાલીસ વર્ષના ફૈઝલભાઇ અહેમદભાઇ સિદ્દીકી પોતાના પત્નિ શાહીદાબેનને તાવ આવતો હોઇ તેની દવા લેવા માટે કાર મારફત નિર્મલા રોડ પર શ્રીહરિ પૌંઆ નામની દૂકાન પાસે આવ્યા હતાં. અહિ કાર પાર્ક કરી પતિ-પત્નિ સામે ક્લીનીકમાં જવા રસ્તો ઓળંગી રહ્યા હતાં ત્યારે એક બાઇકનો ચાલક ફૈઝલભાઇને ઠોકરે લઇ ભાગી જતાં ગંભીર ઇજા થતાં ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા



હતાં. પરંતુ સારવાર દરમિયાન મૃત્યુ નિપજતાં સ્વજનોમાં માતમ છવાઇ ગયો હતો.

મૃત્યુ પામનારા ફૈઝલભાઇ છ ભાઇ અને ત્રણ બહેનમાં વચેટ હતાં. સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. પોતે ઘર પાસે કરિયાણાની દુકાન ચલાવતાં હતાં. બનાવ અંગે ગાંધીગ્રામ પોલીસે જરૂરી કાર્યવાહી કરી વાહનચાલકની શોધખોળ શરૂ કરી છે.

બીજા બનાવ પર નજર કરીએ તો નવા થોરાળા શેરી નં. ૫ વણકરવાસમાં રહેતાં ત્રીસ વર્ષની વય ધરાવતાં ગીતાબેન હરેશભાઇ ખીમસુરીયા બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તેણીને પેટમાં પાણી ભરાઇ જવાની બિમારી હતી. પતિ હયાત નથી. સંતાનમાં બે પુત્રી છે. હોસ્પિટલ ચોકીના સ્ટાફે થોરાળા પોલીસને જાણ કરતાં જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી. બિમારીથી મૃત્યુ થયાનું સગાએ જણાવ્યું હતુ. ત્રીજા બનાવમાં રાજકોટના ખીજડીયા ગામે રહેતાં ઇશ્વરભાઇ આલજીભાઇ રાઠોડ નામના પાંત્રીસ વર્ષના નામના યુવાને ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં કુવાડવા રોડ પોલીસને જાણ કરી હતી. ઇશ્વરભાઇ મકાનનું રિપેરીંગ કરતાં હોઇ તે બાબતે તેના જ કુટુંબીએ ઝઘડો કરી માથાકુટ કરતાં માઠુ લાગી જતાં આ પગલુ ભરી તેણે કહ્યું હતું. પોલીસે નિવેદન નોંધવા તજવીજ કરી હતી

# રેલ નગરમાં કાર ચાલકે બે યુવાનને લીધા હડફેટે

## હિટ એન્ડ રનના બનાવમાં બંને કોળી યુવાન સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા






રાજકોટ મિરર તા.૨૬

શહેરમાં હિટ એન્ડ રનના કિસ્સાઓ દિવસે ને દિવસે વધતા જતા હોય છે. આ સામે તંત્ર કોઈ પગલાં લેતું નથી જ્યારે રેલનગરમાં કાર ચાલકે બે યુવાને ને લેતા સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગત મુજબ શહેરના રેલ નગર વિસ્તારમાં રાત્રે ૯ વાગ્યા આસપાસ એક કાર ચાલકે છે ના રજી નંબર જીજે ૦૫ આર.એચ.૮૧૧૩ વાળા એ મો. સા. જેમાં બે યુવાનો ને હડફેટે લેતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. છેલ્લા ઘણા સમયથી રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં હિટ એન્ડ રનના બનાવમાં વધારો થઈ રહ્યો છે. જેની પાછળ વાહન ચાલકનું ગેર જવાબદારી પૂર્વકનું ડ્રાઈવીંગ સૌથી મોટું કારણ છે ત્યારે ભવિષ્યમાં આ પ્રકારના બનાવો અટકે તે માટે પ્રશાસનની સાથોસાથ વાહન ચાલકોએ પણ હવે શાનમાં આવવાની જરૂર છે. તો સામે તંત્રએ પણ આ અંગે કોઈ નક્કર આયોજન હાથ ધરવું પડશે. અત્યારે રાત્રિ દરમિયાન નબીરાઓ બેફામ બનતા હોય છે અને શહેરના મુખ્ય માર્ગ ઉપર આડેધડ ડ્રાઈવીંગ કરતા નજરે પડે છે ત્યારે રાહદારીઓ માટે હવે રસ્તા પર ચાલવું પણ ખુબ કપરુ પુરવાર થઈ રહ્યું છે. વિવિધ સોસાયટીઓના રહેવાસીઓનું માનવું છે કે કોણ ઉડાળી જાય તેનો ખ્યાલ રહેતો નથી ત્યારે રેલનગરની જે ઘટના ઘટી તેમાં બે કોળી યુવાન ઈજાગ્રસ્ત થયા છે અને તેઓને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા છે.

# પતિ-પુત્રને મારી નાખવાની ધમકી આપી પાડોશીએ મહિલા સામે નાખ્યા સીન

## લક્ષ્મીના ઢોળા પર બનાવઃ યુનિવર્સિટી પોલીસે એફઆઈઆર દાખલ કરી

રાજકોટઃ શહેરમાં મારામારી ધાકધમકીના બનાવોમાં વધુ એકનો ઉમેરો થયો છે. કાલાવડ રોડ કટારીયા ચોકડી નજીક લક્ષ્મીના ઢોળે રહેતાં મહિલાને આ વિસ્તારમાં જ રહેતાં શખ્સે ધોકા સાથે આવીને તારો પતિ ક્યાં છે? તારો દિકરો ક્યાં છે? આજે તો તારા દિકરાને મારી જ નાખવો છે તેવુ કહી ધમકી દઇ ડખ્ખો કરતાં પોલીસે એફઆઇઆર દાખલ કરી છે. વિગતો જોઇએ તો આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે કટારીયા ચોકડી લક્ષ્મીના ઢોળા પાસે મફતીયાપરામાં પાલાભાઇ ભરવાડની દુકાન સામે રહેતાં ઓગણપચાસ વર્ષના વિજ્યાબેન ભગવાનજીભાઇ ધોરાળીયાની ફરિયાદ પરથી લક્ષ્મીના ઢોળા પાસે જ રહેતાં પ્રવિણ ઉર્ફ પવો સામે ગુનો દાખલ કર્યો છે.

ઘટનાની વિગતો આપતાં વિજ્યાબેને જણાવ્યું હતું કે હું પરિવાર સાથે ચૌદ વર્ષથી અહિ રહુ છું. મારા પતિ આરએમસીના પાણીના ટાંકાના ફેરા કરે છે. ગત વીસમી તારીખે હું અને મારી પુત્રવધુ અસ્મીતાબેન તથા ભારતી ઘરે હતાં ત્યારે પડોશી પ્રવિણ ઉર્ફ પવો અમારા ઘરે આવ્યો હતો અને કહેલુ કે-તારો પતિ ભગો ક્યાં ગયો, તારો દિકરો શક્તિ ક્યાં છે? તેમ કહી ગાળો દેવા માંડ્યો હતો અને તારા દિકરા શક્તિને આજે મારી જ નાખવો છે તેમ કહી ધમકી તમારે જે કેસ કરવો હોય કરી દેજો, તમે શું મારી ઉપર કેસ કરશો? કહી જતો રહેલ. બાદમાં તેણે મારા દિકરા શક્તિને ફોન કર્યો હતો અને મારે તારી સાથે વાત કરવી છે તેમ કહ્યું હતું. એ પછી અમારા ઘર પાસે આવેલી પાલાભાઇની દુકાન પાસે ઉભો રહી અમારા ઘરના સભ્યોઅને ગાળો દેવા માંડ્યો હતો. તેમજ ફરીથી મારા દિકરાને મારી નાખવાની ધમકી ઉચ્ચારી હતી.

આથી હું માર ાઘરની બહાર જતાં પવો એક્ટીવામાં ધોકો રાખીને જોવા મળ્યો હતો અને કહેતો હતો કે આજે તો તમારો વારો છે, શક્તિને તો પતાવી જ દેવો છે. ફરીથી તેણે મારા દિકરા શક્તિને ફોન કરી ફરીથી તેને ધમકી દીધી હતી કે તું ક્યાં છો મારે તારુ કામ છે. અગાઉ મારા પતિ સાથે પ્રવિણને માથાકુટ થઇ હોઇ ખાર રાખી તેણે ઘરે આવી માથાકુટ કરી ધમકી આપી હોઇ અંતે ફરિયાદ કરવી પડી હતી. તેમ વધુમાં વિજ્યાબેને કહેતાં એએસઆઇ એ. વી. બકુતરાએ ફરિયાદ દાખલ કરી તપાસ હાથ ધરી હતી.

## ગાંધીગ્રામ શ્યામનગરમાં પરિણીતાએ ગળાફાંસો ખાઇ દુનિયા છોડીઃ માસુમ દિકરો મા વિહોણો



રાજકોટઃ આપઘાતની વધુ એક ઘટનામાં એક પરિણીતાએ જિંદગીથી છેડો ફાડી લીધો હતો. ગાંધીગ્રામ શ્યામનગર-૧માં રહેતી સત્યાવીસ વર્ષની રીમાબેન ઉમેશભાઇ વાડોદરા નામની પરિણીતાએ પંખામાં સાડી બાંધી ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. બનાવની જાણ થતાં ગાંધીગ્રામ પોલીસે કાર્યવાહી કરી હતી. ગળાફાંસો ખાઇને આત્મહત્યા કરનાર રીમાબેનના લગ્ન સાત વર્ષ પહેલા થયા હતાં. સંતાનમાં એક પુત્ર છે જે સાડા પાંચ વર્ષનો છે. પતિ ઉમેશભાઇ વાડોદરા બેંકમાં કોન્ટ્રાક્ટ બેઝ પર પ્યુન તરીકે નોકરી કરે છે. પતિએ કહ્યું હતું કે રીમાને આપઘાત કરવો પડે તેવુ કોઇ કારણ નહોતું. તેણીના માવતર જામનગર રોડ પરસાણાનગરમાં રહે છે. કારણ બહાર ન આવતાં પોલીસે વિશેષ તપાસ યથાવત રાખી છે. અંતિમવિધી બાદ મૃતકના માતા-પિતા સહિતના માવતર પક્ષના નિવેદન પણ નોંધાશે.

# જસદણ- લોધીકામાં જુગાર રમતા પાંચ ઝડપાયા

## રૂ.૨૭૦૦ નો મુદ્દામાલ કબ્જે કરતી જસદણ અને લોધિકા પોલીસ



રાજકોટ મિરર તા.૨૬

રાજકોટ જિલ્લાના બે તાલુકામાં પોલીસે દરોડો પાડી જુગાર રમતા પાંચ શખ્સોને ઝડપી ૨૭૦૦નો મુદ્દામાલ કબજે કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ લોધિકા પોલીસના સ્ટાફને પેટ્રોલિંગ દરમિયાન લોધીકા ગામથી મેંગણી તરફ જવાના રસ્તે પુલ પાસે જાહેરમાં જુગાર રમતા બે શખ્સોને ઝડપી લીધા હતા. જેમાં લોધીકા ગામમાં રહેતો અજય કિશોરભાઈ સુમરખાણીયા તેમજ રાહુલ રાજુભાઈ રાઠોડને પકડી પાડ્યા હતા. આ દરમિયાન પોલીસે રૂ.૧,૧૫૦નો મુદ્દામાલ કબજે કરી કાર્યવાહી કરી હતી. જ્યારે બીજા દરોડામાં જસદણ પોલીસે જુદા જુદા ૩ સ્થળો પર દરોડો પાડતા ૩ શખ્સોને દબોચી લીધા હતા.

જેમાં જુના બસ સ્ટેન્ડ પાસે જુગાર રમતા લોહીયાનગર તા. જસદણ માં રહેતો મહેશ મનસુખભાઈ મકવાણા ને પોલીસે રૂ.૪૩૦નો મુદ્દામાલ કબજે કરી દબોચી લીધો હતો. જ્યારે ત્રીજા દરોડામાં પોલીસે નવા બસ સ્ટેન્ડની પાછળ હીરા બજાર પાસે વર્લી જુગાર રમતા પાનસડા તા. બાબરા જી. અમરેલીમાં રહેતો ભાવેશ મોહનભાઈ દુમાદરાને રૂ.૫૧૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધો હતો. જ્યારે ચોથા દરોડા માં સમાત રોડ પાસે સરદાર માર્કેટ નજીક એક શખ્શને વાડીમાં જુગાર રમતો જસદણનો ઇનસુખ સાલેભાઈ નહેદી ને રૂ.૬૧૦ના મુદ્દામાલ સાથે બદોચી લીધો હતો. આ દરમિયાન જસદણ પોલીસે ૩ શખ્શો ઝડપી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# ગુજસીટોકના ગુનામાં એક વર્ષથી ફરાર ચડ્ડી ગેંગનો સાગ્રીત રાજુ ઝડપાયો

## ગુજરાતના જુદા જુદા સાત શહેરોમાં હથિયાર સહીતના ૨૦ ગુન્હામાં નાસતો ફરતો

રાજકોટ મિરર તા.૨૬

શહેરના ક્રાઈમબ્રાંચ પોલીસમાં નોંધાયેલા ગુજસીટોકના ગુનામાં એક વર્ષથી નાસતા ફરતા દાહોદના ચડ્ડી બનીયાનધારી ગેંગના સાગ્રીતને ક્રાઈમબ્રાંચની ટીમે બાતમીના આધારે મહારાષ્ટ્રના માલેગાંવમાંથી ઝડપી લીધો હતો.

પ્રાપ્ત વિગત મુજબ રાજ્યના જુદા જુદા જીલ્લાઓમાં ચડી બનીયાનધારી ગેંગના સાગ્રીતો આશરે ૫૭ જેટલા ગંભીર હક ગુનાઓ જેવા કે ઘાડ, લૂંટ, ખુનની કોશીષ હત સાથે લૂંટ, ઘરફોડ ચોરી, કાવત્રુઘડી બળજબરીથી પૈસા કઢાવી લેવા તેમની હથિયાર રાખવાના તથા ફાયરિંગ કરી ન ખુનની કોશિષ તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપવાના તેમજ મકાન સળગાવવાના ગુનામાં સામેલ હોઈ, આ ગેંગને પાડવા માટે આ ચડ્ડી બનીયાન ધારી ટી ગેંગના ૧૦ સભ્યો વિરૂધ્ધ




ક્રાઈમબ્રાંચમાં પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. આ ગુનામાં અગાઉ ક્રાઇમ બ્રાંચે ગેંગના બે સાગીતોને ઝડપી લીધા હતા. જ્યારે અન્ય આરોપીઓને ઝડપી લેવા માટે પોલીસ કમિશ્નર શ્રી બ્રીજેશ ઝા એ સૂચના આપતા પી.આઇ.એમ.આર. ગોંડલીયા માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ.એમ.કે. તથા એમ.એલ.ડામોરના મોવલીયા સ્ટાફ સાથે શખ્શને પકડવા માટે પેટ્રોલીંગમાં હતા. ત્યારે ગુજસીટોકના ગુનામાં છેલ્લા એકવર્ષથી ફરાર ચડ્ડી બનીયાનધારી ગેંગનો સાગ્રીત મહારાષ્ટ્રમાં હોવાની હેડકોન્સ અમીતભાઈ અગ્રાવત, સંજયભાઈ રૂપાપરા અને કોન્સ પ્રદિપસિંહ જાડેજાને બાતમી મળતા સ્ટાફ સાથે ચડ્ડી બનીયાનધારી ગેંગના સાગ્રીત છરછેડા ગામ, ગરબાડા, દાહોદમાં રહેતો રાજુ સર્વીસીંગ બારીયા (ઉ.વ.૩૨)ને મહારાષ્ટ્રના માલેગાંવમાંથી ઝડપી લીધો હતો. રાજુ અગાઉ રાજકોટ, અમદાવાદ, ગાંધીનગર, હિંમતનગર, ખેડા, દાહોદ, ભરૂચ અને ખંભાતમાં ગુજસીટોક સહિતના ૨૦ જેટલા ગુનામાં સામેલ હોવાનું જાણવા મળ્યું છે. આ કામગીરી પી.એસ.આઈ. એમ.કે.માલવીયા, હેડ કોન્સટેબલ અમીત અગ્રાવત, દિપકભાઈ ચૌહાણ, સંજયભાઈ રૂપાપરા, યુવરાજસિંહ ઝાલા, મયુરભાઈ મિયાત્રા, રાજેશભાઈ જળુ, કોન્સટેબલ પ્રદિપસિંહ જાડેજા, વિશાલભાઈ દ્વારા કરવામાં આવી હતી.

# પડધરી પોલીસ સ્ટેશનમાં યોજાયો 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ

રાજકોટ મિરર તા. ૨૬

શહેરના પડધરી તાલુકા પોલીસ મથકમાં અગાઉ મોબાઈલ ચોરી થયેલાના ગુન્હામાં પોલીસે શોધીને પરત કરવા કાર્યક્રમ યોજાયો હતો.

પડધરી પોલીસ સ્ટેશન ખાતે નાયબ પોલીસ અધિક્ષક ગોંડલ વિભાગ કે. જી. ઝાલા દ્વારા પડધરી પોલીસ સ્ટેશનનું વાર્ષિક ઇન્સપેકશન તેમજ પડધરી પોલીસ સ્ટેશનના અધિકારી અને કર્મચારીઓની પરેડ લેવામાં આવેલ તથા ઈઊઈઇ પોર્ટલ મારફતે અરજદારશ્રીના શોધવામાં આવેલ મોબાઇલ નંગ-૩ કિંમત રૂા. ૫૪૦૦૦/-ના મુળ માલીકને તેરા તુજકો અર્પણ પ્રોગ્રામ હેઠળ સોંપવામાં આવેલ હતા. નાયબ પોલીસ અધિક્ષક ગોંડલ વિભાગ દ્વારા વાર્ષિક ક્રાઇમ અંગે પોલીસ અધિકારી-કર્મચારીઓને માર્ગદર્શન આપવામાં આવેલ. સાથોસાથ ''લોક દરબાર''નું આયોજન કરવામાં આવેલ. જેમાં ત્રણ વાત અમારી અને ત્રણ વાત તમારી પ્રોગ્રામ અનુસંધાને લોકદરબાર લેવામાં આવેલ. જેમાં લોકો તરફથી મળેલ ત્રણ વાતો અને પોલીસ વિભાગ તરફથી લોકો પાસેથી ત્રણ અપેક્ષાઓ બાબતે ચર્ચા કરવામાં આવેલ હતી. પડધરી પોલીસ મથક ખાતે યોજાયેલ કાર્યક્રમમાં પડધરી ગ્રામ પંચાયત સરપંચ ડો. વિજયભાઇ પરમાર, હઠીસિંહ જાડેજા, ચેતનસિંહ જાડેજા, કાનજીભાઇ ચાવડા, પ્રધ્યુમનભાઇ સાતા, ધીરૂભાઇ તળપદા, યશવંતસિંહ જાડેજા સહીતના આગેવાનો અને પડધરી પોલીસ સ્ટેશન અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહ્યા હતા.

## અવસાન નોંધ

**ગોંડલ :** વાલમ બ્રાહ્મણ ગૌતમ ગોત્ર પંડ્યા બીલીયાળા પરિવાર ના વનીતાબેન જ્યોતિબાબુ પંડ્યા તે સ્વ. જ્યોતિબાબુ શાંતિલાલ પંડ્યા (જી.ઈ.બી.ગોંડલ )ના પત્ની, સંજયભાઈ પંડ્યા તથા ગૌતમભાઈ પંડ્યા ના માતુશ્રી, વિવેકભાઈ, મયુરભાઈ ના દાદીમા,સ્વ. શરદભાઈ પંડ્યા(જી.ઈ. બી. જૂનાગઢ) ઘનશ્યામભાઈ પંડ્યા(સગ્રામજી હાઈસ્કૂલ-ગોંડલ) સ્વ. દિનેશભાઈ પંડ્યા(જી. ઈ.બી.લોધીકા)સ્વ. અશ્વિનભાઈ પંડ્યા(ખેતી બેંક જૂનાગઢ) ના ભાભી નો તા. ૨૪-૨-૨૦૨૫ ને સોમવાર ના રોજ કૈલાશવાસ થયેલ છે. સદ્દગત નું બેસણું તા. ૨૮-૨-૨૦૨૫ ને શુક્રવાર ના રોજ સાંજે ૪-૦૦ થી ૬ વાગ્યે ''હેમવાડી''જૂનો સિમેન્ટ રોડ, સ્ટેશન પ્લોટ ગોંડલ ખાતે રાખેલ છે.

**ગોંડલ :** લખનસિંહ ગરૂડસિંહ ઝાલા તેઓ ગરૂડસિંહ દેવુભા ઝાલા (પૂર્વ પ્રમુખ ગોંડલ નગરપાલિકા) ના પુત્ર, મયુરધ્વજસિંહના નાનાભાઈ નું તા. ૨૫ ના અવસાન થયું છે, બેસણું તારીખ ૨૭ ગુરુવાર બપોરે ૪ થી ૬ કલાકે લોહાણા વિદ્યાર્થી ભવન, ભોજરાજપરા શેરી નંબર ૨૨/ ૯ ગોંડલ ખાતે રાખેલ છે.

લોધીકાના પારડીમાં પાંત્રીસ વર્ષ પહેલા મર્ડર કરી ફરાર થયેલા આરોપીને રૂરલ એલસીબીએ શોધી કાઢ્યો


# યુવાનીમાં ખૂન કર્યુ, ડોસો થયો ત્યારે ગોવાથી ઝડપાયો

## મિત્રની પત્નિ સાથે આડાસંબંધ ધરાવનારા શખ્સને મિત્ર સાથે મળી રહેંસી નાંખ્યો હતોઃ આરોપીને શોધી આપનાર માટે પંદર હજારનું ઇનામ જાહેર થયું હતું

રાજકોટઃ ગુનેગારો ગમે એટલા શાતીર ભલે ને હોય પોલીસ ધારે તો ધરતીના કોઇપણ છેડેથી ગમે ત્યારે તેને શોધી કાઢતી હોય છે. હાલમાં ભાગેડુ હોય એવા વર્ષો જુના ગુનાના આરોપીઓને શોધી કાઢવાની ઝુંબેશ રાજ્યભરમાં ચાલી રહી છે. આ વચ્ચે રાજકોટના લોધીકાના પારડી ગામના હત્યાના ગુન્હામાં ૩૫ વર્ષથી વોન્ટેડ અને જેના ઉપર ૧૦ હજારનું ઇનામ જાહેર કરાયું હતું તે ભાગેડુ આરોપીને રૂરલ એલસીબીએ ગોવાથી દબોચી લીધો હતો. આ શખ્સે પોતે જુવાનીયો હતો ત્યારે હત્યા નીપજાવી હતી અને ભાગી નીકળ્યો હતો, હવે વૃધ્ધાવસ્થાએ પહોંચ્યા પછી પોલીસના હાથમાં આવતાં બાકીની જિંદગી ગોવામાં નહિ જેલમાં વીતાવવી પડે તેવા દિવસો આવ્યા હતાં.

વિગતો પર નજર કરીએ તો આજથી પાંત્રીસ વર્ષ પહેલા તા.૧૫/૦૭/૧૯૯૦ ના રોજ શ્રી કાનજીભાઇ સામજીભાઇ ભુવા રહે.પારડી ગામ, તા.લોધીકા જી.રાજકોટ વાળાએ લોધીકા પો. સ્ટે.માં આવી પારડી શિતળા મંદીર ખાતે કોઇ અજાણ્યા માણસને કોઇ અજાણ્યા ઇસમોએ છરીના ઘા મારી તેનુ મોત નિપજાવી ખુન કરી નાખેલ હોવાની ફરીયાદ લખાવેલ હતી. બાદમાં મરણ જનારના માસીયાર ભાઇ પીરમલ પાકય નાડર રહે.પી.એસ પ્લાયવુડ ફેકટરી શાપર મુળ. તમ્મીલનાડુ વાળાએ આ લાશ પોતાના માસીયાર ભાઇ નૈનતુરઇ એકવ નાડર રહે. મુળ.શીવન ગવઇ, જી.તીરનવેલી, (તમ્મીલનાડુ) વાળાની હોવાનુ ઓળખી બતાવેલ અને મરણજનાર નૈનતુરઇને પીછૈયા ઉર્ફે વિજય સન્મુખવેલ નાડરની પત્નિ સાથે આડા સબંધ હતા જેના કારણે પીછૈયા ઉર્ફે વિજયની પત્નિ તેની સાથે ઝઘડો કરતી હોય જેથી પીછૈયા ઉર્ફે વિજય તેની પત્નિને તેના વતનમાં મુકી આવેલ હતો.

ત્યારબાદ પીછૈયા ઉર્ફે વિજય તથા તેનો મિત્ર બસપ્પા ઉર્ફે સુરેશ બન્ને જોવા મળેલ નથી જેથી મરણજનાર નૈનતુરઇનું ખુન પીછૈયા ઉર્ફે વિજય તથા તેના મિત્ર બસપ્પા ઉર્ફે સુરેશએ મળી કરેલ હોય તેવી શંકા દર્શાવેલ હતી. અને બસપ્પા ઉર્ફે સુરેશ ના બનેવી ગોંડલ ખાતે રહેતા હોય જેથી તેઓ બન્ને ત્યાં ગયેલ હોય તેવી શંકા દર્શાવેલ હતી. પોલીસે આરોપી પીછૈયા ઉર્ફે વિજય સન્મુખવેલ નાડર રહે.રેડીપાર પટ્ટી તા.પાણીપત જી.નીરણવેલી (તમ્મીલનાડુ) વાળાને તા.૧૨૯/૦૭/૧૯૯૦ ના રોજ અટક,કરેલ હતો. અને આરોપીએ તેની પુછપરછમા પોતાની પત્ની સાથે મરણજનાર નૈનતુરઇને આડા સબંધ હોય જેના કારણે તેની પત્ની પોતાની સાથે ઝઘડો કરતી હાઇ જેથી પોતે પોતાની પત્નીને વતનમાં મુકી આવેલ અને



ગોવામા લવમેરેજ કરી નવી જિંદગી શરૂ કરી હતી, પણ હવે દિવસો વિતશે જેલમાં

પરત આવી પોતે તથા પોતાના મિત્ર બસપ્પા ઉર્ફે સુરેશએ મળી નૈનતુરઇને છરીના ઘા મારી તેની હત્યા કરી હોવાની કબુલાત આપી હતી.

જેથી આ ગુન્હામાં આરોપી બસપ્પા ઉર્ફે સુરેશ નુ નામ પણ ખુલેલ હતું. બાદ આ આરોપી બસપ્પા ઉર્ફે સુરેશ ગીરમલા કાવલગુડ રહે.શિરગુર તા.રાયબાગ જી.બેલગાવ (કર્ણાટક)ની તપાસ કરતા તે મળ્યો નહોતો. હવે છે પાંત્રીસ વર્ષ બાદ તે પકડાયો છે. આરોપીનુ કોર્ટમાંથી સી.આર.પી.સી. કલમ-૭૦ મુજબ ધરપક વોરંટ મેળવેલ તેમ છતા આરોપી નહી મળી આવતા સી.આર.પી.સી. કલમ-૮૨ મુજબ આરોપીને ફરારી જાહેર કરવા કાર્યવાહી કરેલ હતી. અને સી.આઇ.ડી. ક્રાઇમ ગુજરાત રાજય ગાંધીનગર દ્વારા રાજકોટ ગ્રામ્ય જિલ્લાના ટોપ-૧૦ નાસતા ફરતા આરોપીના લીસ્ટમા આ આરોપીને સામેલ કરી તેના ઉપર રૂ.૧૦,૦૦૦નુ ઇનામ જાહેર કરવામાં આવેલ હતુ.

દરમિયાન રાજકોટ રેન્જના પોલીસ મહાનિરીક્ષક અશોકકુમાર યાદવ તથા રાજકોટ ગ્રામ્ય જિલ્લાના પોલીસ અધિક્ષક હિમકર સિંહ દ્વારા લાંબા સમયથી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય જે અન્વયે રાજકોટ ગ્રામ્ય જિલ્લા એલ.સી.બી.ના પોલીસ ઇન્સ્પેકટર વી.વી.ઓડેદરાના માર્ગદર્શન હેઠળ એલસીબી શાખાના એ.એસ.આઇ. રવીદેવભાઇ બારડ, રોહિતભાઇ બકોત્રા, બ્રીજરાજસિંહ જાડેજા, વકારભાઇ આરબ તથા પો.કોન્સ. પ્રકાશભાઇ પરમારે આ ગુન્હાના કેસ કાગળોનો જીણવટભરી રીતે અભ્યાસ કરી, ટકેનીકલ સોર્સીસ તથા હ્યુમન સોર્સીસથી આરોપી બાબતે માહિતી મેળવેલ તેમજ કર્ણાટક રાજ્ય ખાતે તપાસમા જઇ આરોપીના ભાઇ સીધ્ધલીગ ગીરમલા કાવલગુડ (રહે. કર્ણાટક) તથા આરોપીના બનેવી અપ્પનગૌડા પલગૌડા પાટીલને શોધી તેઓ પાસેથી આરોપીની જીણવટભરી માહિતી મેળવેલ દરમ્યાન એલ.સી.બી. શાખાના એ.એસ.આઇ. રવિદેવભાઇ બારડને બાતમી મળી હતી કે આરોપી હાલ ગોવા ખાતે છે. જેથી ટીમે ગોવા ખાતે પહોંચી સઘન તપાસ કરી બસપ્પા ઉર્ફે સુરેશ ગીરમલા કાવલગુડ ઉ.વ.૬૪ રહે. મુળ. શિરગુર તા.રાયબાગ જી.બેલગાવ (કર્ણાટક) હાલ. રાયા તા.સાલ્સેત જી.સાઉથ ગોવાને પકડી લોધીકા પોલીસને સોંપ્યો હતો.

આરોપીએ પુછપરછ દરમ્યાન તેણે પોતાના મીત્ર પીછૈયા ઉર્ફે વિજય સન્મુખવેલ નાડર રહે.રેડીપાર પટ્ટી તા.પણીપત જી.નીરણવેલી (તમ્મીલનાડુ)ની પત્નિ સાથે મરણજનાર નૈનતુરઇને આડા સબંધ હોય જેના કારણે પીછૈયા ઉર્ફે વિજય ની પત્ની તેની સાથે ઝઘડો કરતી હાઇ જેથી પોતાના મિત્રએ આ નૈનતુરઇ ને મારી નાખવાની વાત કરેલ અને પોતાનો મિત્ર પીછૈયા ઉર્ફે વિજય તેની પત્નિને વતનમાં મુકી આવેલ અને પરત આવી પોતે તથા પોતાના મિત્ર પીછૈયા ઉર્ફે વિજયે મળી આ નૈનતુરઇને શિતળા મંદીર પાસે બોલાવી તેને છરીના ઘા મારી તેનુ ખુન કરી નાખેલ અને પછી પોતે બન્ને નાશી ગયેલ હતા અને બાદ પોતે ઘરબાર છોડીને જતો રહેલ અને લવ મેરેજ કરી ગોવામાં રહેવા લાગેલ અને પોતાની નવી જીંદગી શરૂ કરેલ હતી. નૈનતુરઇ મારવામાં સાથે રહેવા માટે પીછૈયા ઉર્ફે વિજય એ રૂ.૧૫,૦૦૦ આપવાનુ કહેલ હતુ. જેથી પોતે આ ખુનમાં તેની સાથે સામેલ થયાની કેફીયત આપી હતી.

આ કામગીરીમાં રાજકોટ ગ્રામ્ય જીલ્લા એલ.સી.બી.ના પોલીસ ઇન્સ્પેકટર વી.વી. ઓડેદરા તથા પો.સબ.ઇન્સ. એચ.સી.ગોહિલ, એ.એસ.આઇ. બાલકૃષ્ણ ત્રિવેદી, અમીતસિંહ જાડેજા, રવીદેવભાઇ બારડ, રોહિતભાઇ બકોત્રા, બ્રીજરાજસિંહ જાડેજા, વકારભાઇ આરબ તથા પો.હેડ કોન્સ. રસીકભાઇ જમોડ, ઘનશ્યામસિંહ જાડેજા, ધર્મેશભાઇ બાવળીયા તથા પો.કોન્સ. પ્રકાશભાઇ પરમાર, મેહુલભાઇ સોનરાજ, ભાવેશભાઇ મકવાણાની ટીમ સામેલ થઇ હતી.

એક દિવસ બધુ બંધ રાખવા જાહેરનામુ હતું પરંતુ આ એક દિવસ પણ રહી ન શક્યો

# ઈકબાલે મહાશિવરાત્રીને દિ' પાડાની કતલ કરી

### ભગવતીપરામાં ગૌરક્ષકની માહિતી પરથી બી-ડિવીઝન પોલીસ ત્રાટકીઃ ગુનો નોંધી ધરપકડ

રાજકોટઃ ધાર્મિક તહેવારો હોય ત્યારે કતલખાના બંધ રાખવા માટેના જાહેરનામા પોલીસ મહાનગર પાલિકા દ્વારા બહાર પડતાં હોય છે અને તેનો અમલ કરાવવામાં આવતો હોય છે. પરંતુ અમુક એવા હોય છે જે એક દિવસ પણ પોતાના કતલખાના બંધ રાખી શકતાં નથી. આવા જ એક શખ્સને ભગતવીપરામાંથી પોલીસે પકડી લઇ કાર્યવાહી કરી હતી.

મળતી માહિતી અનુસાર બુધવારે મહાશિવરાત્રી નિમીતે કતલખાના બંધ રાખવા અને માંસ મટન વેંચાણ પણ બંધ રાખવાનું જાહેરનામુ હોવા છતાં ભગવતીપરામાં એક શખ્સ કતલખાનુ ચાલુ રાખી કતલ કરતો હોવાની માહિતી મળતાં ગૌરક્ષક અને પોલીસની ટીમ પહોંચી હતી. જ્યાં એક પાડાની કતલ થયાનું જણાતાં પોલીસે કાર્યવાહી કરી હતી.



ભગવતીપરામાં મદ્રેસાની સામે એક ઓરડીમાં આજે મહાશિવરાત્રીએ કતલખાના બંધ રાખવાનું જાહેરનામુ હોવા છતાં કતલખાનુ ચાલુ રખાયુ હોવાની માહિતી ગૌરક્ષકને મળતાં બી-ડિવીઝન પોલીસને જાણ કરી હતી.

વાતને ગંભીર ગણી પોલીસ ઇન્સ્પેક્ટર એસ. એસ. રાણાએ પીએસઆઇ ડી. બી. ગાધે, એએસઆઇ જયપાલસિંહ જાડેજા સહિતના સ્ટાફને તપાસ કરવા અને ગૌરક્ષકોને સાથે રાખી સ્થળ પર જવા સુચના આપતાં પોલીસ અને ગૌરક્ષકોની ટીમ બાતમી મુજબના સ્થળે ભગવતીપરા મદ્રેસા સામેની ઓરડીમાં પહોંચી હતી ત્યારે બાતમી સાચી ઠરી હતી. અંદર એક પાડો કતલ કરેલી હાલતમાં મળ્યો હતો. આ પાડાની કતલ મહાશિવરાત્રીના દિવસે જ થઇ હોઇ પોલીસે કતલખાનાના સંચાલક ભગવતીપરાના અડતાલીસ વર્ષના ઇકબાલ ઓસમાણભાઇ બાવનકા સામે એફઆઇઆર દાખલ કરી ધરપકડ કરી હતી. પોતાને જાહેરનામા વિશે ખબર નહિ હોવાનું રટણ તેણે કર્યુ હતું.

# આરએમસીની ગાડીની ઠોકરે ૧૦૦ વર્ષના વૃધ્ધા ચડી ગયા

### મોરબી રોડનો બનાવઃ મંદિરે દર્શન કરવા જતા હતાં અને પહોંચ્યા દવાખાને



રાજકોટઃ વાહન અકસ્માતની વધુ એક ઘટનામાં વૃધ્ધાને ઇજાઓ પહોંચતા સારવાર માટે દાખલ થવાની નોબત આવી હતી. મોરબી રોડ પર સાગર પાર્ક પાસે આરએમસીની જગ્યા રોકાણ શાખાની ગાડીની ઠોકરે ચડી જતાં સો વર્ષના વૃધ્ધાને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં.

જાણવા મળ્યા મુજબ મોરબી રોડ વેલનાથપરાની સામે ગણેશ પાર્ક મેઇન રોડ પર રહેતાં વજીબેન ગેલાભાઇ મકવાણા સવારે ઘર નજીક સાગર પાર્કમાં ચાલીને મંદિરે દર્શન કરવા જઇ રહ્યા હતાં ત્યારે મ્યુ. કોર્પોરેશનની જગ્યા રોકાણ શાખાની ગાડીની ઠોકરે આવી જતાં ઇજાઓ થતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, તૌફિકભાઇ, ભાવેશભાઇ, ધર્મેન્દ્રભાઇએ બી-ડિવીઝનમાં જાણ કરી હતી. વૃધ્ધાની ઉમર ૧૦૦ વર્ષ હોવાનું પરિવારજનોએ કહ્યુ હતું. તેમજ તેમને સંતાનમાં બે પુત્ર છે. પોતે શિવરાત્રી હોઇ શંકર ભગવાનના મંદિરે દર્શન કરવા જઇ રહ્યા હતાં ત્યારે આ બનાવ બન્યો હતો. પોલીસે કાર્યવાહી કરી મ્યુ. કોર્પોરેશનના જગ્યા રોકાણ શાખાની ગાડીના ચાલક વિરૂધ્ધ કાર્યવાહી હાથ ધરી હતી.

# ધોરાજીમાં મકાનમાંથી દારુની ૪૦ બોટલ મળીઃ હનીફ ઉર્ફે દોઢછક્કો ફરાર

### રૂ.૨૭,૧૧૫નો મુદ્દામાલ કબ્જે કરતી એલ. સી. બી.રાજકોટ ગ્રામ્ય

રાજકોટ મિરર તા.૨૬

શહેરના ધોરાજી તાલુકામાં એલ. સી.બી.એ દરોડો પાડતા દારૂની ૪૦ બોટલ સાથે એક શખ્સને ઝડપી પડ્યો હતો.

પ્રાપ્ત વિગત મુજબ એલ. સી.બી.ના હેડ. કોન્સ્ટેબલ. રાજુભાઈ સાંબડા અને હેડ. કોન્સ્ટેબલ. નિલેશભાઈ ડાંગર સહિતનો સ્ટાફ ધોરાજી તાલુકામાં પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે ધોરાજી વિસ્તાર ખીજડા શેરી મોચી બજારમાં રહેતો હનીફ ઉર્ફે દોઢછક્કો પોતાના મકાનમાં વિદેશી દારૂની બોટલો રાખી વેચાણ કરે છે. આવી બાતમી મળતા પોલીસે દરોડો પાડતા વિદેશી દારૂની ૪૦બોટલ મળી આવી હતી. પોલીસે દારૂની બોટલ સાથે રૂ. ૨૭,૧૧૫નો મુદ્દામાલ કબજે કરી હનીફ ઉર્ફે દોઢછક્કો મજીદભાઈ ગરાણાની શોધખોળ આદરી છે.

# સિવિલ હોસ્પિટલ ચોક પાસેથી બે ચોરાઉ મોબાઈલ સાથે તેજસ ઝડપાયો

### રૂ. ૪૨ હજારનો મુદ્દામાલ કબજે કરતી એ.ડીવીઝન પોલીસ

રાજકોટ મીરર તા. ૨૬

શહેરના હોસ્પિટલ ચોક પાસે થી પોલીસે બાતમીના આધારે એક શખ્શને ચોરાઉ મોબાઈલ સાથે ઝડપી રૂ.૪૨ હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પ્રાપ્ત વિગત મુજબ એ.ડીવીઝન પોલીસના હેડ. કોન્સ. કલ્પેશભાઇ બોરીચા અને સાગરભાઇ માવદીયાને બાતમીના આધારે હોસ્પિટલ ચોક ઓવરબ્રીજ પાસેથી બે ચોરાઉ મોબાઈલ ફોન સાથે કોઠારિયા રોડ ન્યુ સાગર સોસાયટી શેરી નં.૧માં રહેતો તેજષ અમીતભાઈ પટેલ ને પકડી લઈ રૂ.૪૨,૬૦૦ની કિંમતના બે ચોરાઉ મોબાઈલ ફોન કબ્જે કર્યા હતા. આ કામગીરી પી.આઈ. આર.જી. બારોટના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. કે.એમ. વડનગર, એ.એસ.આઈ.એમ.વી. લુવા, બી.વી.ગોહિલ, હેડ કોન્સ અજયભાઈ બાસીયા, કલ્પેશભાઈ બોરીચા, સાગરભાઈ માવદીયા કોન્સ વિજયભાઈ મકવાણા અને ધવલભાઈ જીલકીયા દ્વારા કરવામાં આવી હતી.

# હોમગાર્ડ પર હુમલો કરી લુટ કરનાર મોહિત ગોહેલ અને અમીતને પોલીસે દબોચ્યા

### ક્રાઈમ બ્રાન્ચની ટીમે બંને શખ્શોને ગ્રીનલેન્ડ ચોકડી પાસેથી ઝડપી લીધા હતા




રાજકોટ મિરર તા. ૨૬

શહેરના ભગવતીપરા પુલ નીચે હોમગાર્ડ જવાન ફરજ પર હતાં ત્યારેહું મોહિત ગોહેલ ગણેશનગરનો ડોન કહીં મારમારી જવાનને પગે લગાડી લૂંટ કરી મોહિત ગોહેલ અને અમીતને ક્રાઈમ બ્રાન્ચની ટીમે પકડી પડી પાઠ બનાવ્યા.

પ્રાપ્ત વિગત મુજબ, બી. ડિવિઝન પોલીસ મથકમાં હોમગાર્ડ તરીકે ફરજ બજાવતાં વિપુલભાઈ ગિરધરભાઈ સોલંકીએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે મોહિત ચમનલાલ ગોહેલ (રહે. ગણેશનગર) અને એક અજાણ્યાં શખ્સનું નામ આપી જણાવ્યું હતું કે, ૨૩ના રાત્રીના ૧૧ વાગ્યાથી થી તા.૨૪ ના સવારે ૫ વાગ્યા સુધી તેમની સાથેના હોમગાર્ડ નિલેશભાઈ યાદવની ફરજ પારેવડી ચોકથી ભગવતીપરા તરફ જતા પુલ નીચે સમાપીરના મંદિર ચોક ખાતે ફિક્સ પોઈન્ટ પર હતા.

ફરજ દરમ્યાન રાત્રે ત્રણ વાગ્યાની આસપાસ તેઓ ફિક્સ પોઈન્ટ પર હાજર હતાં અને સાથેના હોમગાર્ડ જવાન નિલેશભાઈ યાદવ ચા પીવા માટે ગયેલ હતાં તે દરમ્યાન એક શખ્સ તેમની પાછળથી ચાલી ને આવેલ અને કહેલ કે, હું મોહિત ગોહેલ ગણેશનગરનો ડોન તું કેમ અહી બેઠો છે પોલીસે અહી બેસવું નહીં તેમ કહી બોલાચાલી કરવા લાગેલ હતો.

જેથી તેને ઝઘડો કરવાની ના પાડતાં તે ઉશ્કેરાઈ ગયેલ અને તેણે ધારધાર ગુપ્તી જેવુ હથિયાર કાઢી મારવાનો પ્રયત્ન કરેલ હતો. ફરિયાદીએ પોતાના રક્ષણ માટે બાઈકમાંથી લાકડી કાઢેલ અને બંનેને ત્યાં જ જપાજપી થયેલ હતી. દરમ્યાન મોહિતે કોઈને અવાજ આપતાં થોડે દુર ઉભેલ એક શખ્સ દોડી આવેલ અને બંનેએ તેઓને પકડી શેરીમાં લઈ ગયેલ અને અજાણ્યા શખ્સે બંને હાથ પાછળથી પકડી રાખી મોહિતે ગળા પર ગુપ્તી જેવું હથિયાર રાખી દિધેલ અને કહેલ કે, તારી પાસે જેટલા પૈસા હોય તે કાઢી અમને આપી દે નહી તો આ હથિયાર મારી દઈશ તેમ કહી તેઓએ ખીસ્સામાં રહેલ રૂપિયા ૪૦૦ કાઢી લીધેલ અને માથામાં ગુપ્તી જેવા હથિયારના હાથાના પાંચ-થી છ ઘા મારી નાસી છૂટ્યા હતાં. બનાવ અંગેની ફરીયાદ પરથી નાસી છૂટેલા આરોપીને પકડવા પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા , એડી. સીપી મહેન્દ્ર બગરીયા, ડીસીપી (ક્રાઇમ) ડો.પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી (ક્રાઇમ) ભરત બસીયાએ આરોપીઓને પકડી પાડવાની આપેલ સૂચનાથી ક્રાઇમ બ્રાન્ચના પીઆઈ એમ.આર. ગોંડલીયા, એમ.એલ. ડામોરના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એ.એસ.ગરચર ટીમ સાથે તપાસમાં હતાં ત્યારે સાથેના એએસઆઈ અનીલ સોનારા, કોન્સ્ટેબલ ધર્મરાજસિંહ રાણા અને હરપાલસિંહ જાડેજાને મળેલ ચોક્કસ હકીકત આધારે બેડી ચોકડીથી ગ્રીનલેન્ડ ચોકડી તરફ રસ્તા પરથી ગણેશનગર શેરી નં-૮ મોરબી રોડમાં રહેતો મોહીત ચમન ગોહેલ(ઉ.વ.૨૧) અને જય નંદનવન સોસાયટી શેરી નં-૩ ભગવતીપરા માં રહેતો અમીત વિજય ખુમાણ (ઉ.વ.૧૮)ને ઝડપી કાયદેસર કાર્યવાહી હાથધરી હતી.

# સહકાર ભારતીની પ્રદેશ કાર્યકર્ણી ભાગસ બેઠક રાજકોટ ખાતે યોજાઈ

## સમગ્ર ગુજરાત અને સૌરાષ્ટ્ર કચ્છમાં -સહકાર ચેતના કેન્દ્ર- ખોલવામાં આવશે અને સજ્જન શક્તિનું સંગઠન કરવામાં આવશે



રાજકોટ, તા. ૨૬

સહકાર ભારતી ગુજરાત પ્રદેશ કાર્યકારીણી ભાગસ બેઠક ત્રણ ભાગમાં ઉત્તર તથા મધ્ય ગુજરાત અમદાવાદ ખાતે દક્ષિણ ગુજરાત અને ગઈકાલે સૌરાષ્ટ્ર કચ્છ વિભાગની ભાગસ બેઠક રાજકોટ ખાતે રાજકોટ નાગરિક સહકારી બેંક બોર્ડ રૂમ ખાતે ૧૫૦ ફૂટ રીંગ રોડ રાજકોટ ખાતે યોજાઈ ગઈ આ બેઠકમાં રાજકોટ વિભાગના રાજકોટ, જામનગર, મોરબી ,કચ્છ. ભાવનગર વિભાગના ભાવનગર,બોટાદ, સુરેન્દ્રનગર, જુનાગઢ, અમરેલી, ગીર સોમનાથ ,પોરબંદર, દેવભૂમિ દ્વારકા, દીવ. પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સહકાર ભારતી ગુજરાત પ્રદેશના પ્રદેશ મહામંત્રી જયંતિભાઈ કેવત, પ્રદેશ સંગઠન પ્રમુખ ચીમનભાઈ ડોબરીયા, ગુજરાત , રાજસ્થાનનાં પ્રચારક ગોલે, પ્રો વિનોદભાઈ બરોચીયા રાષ્ટ્રીય સંપર્ક પ્રમુખ,પ્રદેશ ઉપાધ્યક્ષ નલીનભાઈ વસા, નયનાબેન મકવાણા, વશરામભાઈ ચોવટીયા, સુરેશભાઈ આહિર ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં જુદા જુદા વિષય ઉપર જણાવતા ગુજરાત, રાજસ્થાનના સંગઠન પ્રમુખ જીવનભાઈ ગોલે જણાવ્યું હતુ કે ''ચલો ગાઉ કી ઓર'', ગાવ કે લિયે જીના શીખે'', રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ના ૧૦૦ વર્ષ ચાલી રહ્યુ છે,તેમજ સહકાર ભારતીના આગામી ૫૦વર્ષ શરૂ થનાર છે સહકાર શક્તિ, રાજકીય શક્તિ અને સજ્જનશક્તિ ત્રણે ગ્રામ્ય વિકાસમાં સહજ રીતે સમન્વય કરીત્યારે સમગ્ર ગામમાં સહકાર ચેતના કેન્દ્રશરૂ થઈ જાય અને જબરું પરિવર્તન આવનાર છે.

સદસ્યતા અભિયાન એપ્રિલ થી જૂન ૨૦૨૫ સમગ્ર રાજ્યમાં શરૂ થઈ રહ્યું છે ત્યારે વાર્ષિક, સંસ્થાગત તેમજ વ્યક્તિગત, આજીવન,સભ્યો વધારે વધારે બનાવવા તેવું આહવાન કરેલું હતુ .અને વધુમાં વધુ સહકારી સંસ્થાઓ , ક્રેડિટ સોસાયટીઓ, કર્મચારી મંડળીઓ, હાઉસિંગ સોસાયટીઓ,સખી મંડળો વગેરે સભ્ય બને તેવું આયોજન કરવામાં આવેલ હતું, પ્રદેશ મહામંત્રી જયંતિભાઈ કેવતએ જણાવ્યું હતુ કે સહકાર ભારતીની સ્થાપના ૧૧ જાન્યુઆરી ૧૯૭૯ માં .લક્ષ્મણરાવ ઈનામદારે કરી હતી. આજે સમગ્ર દેશમાં સહકારી ક્ષેત્રે શ્રેષ્ઠ સંગઠન સાબિત થયુ છે, ત્યારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની ૧૦૦ વર્ષ ચાલી રહ્યુ છે અને સહકાર ભારતીય ને ૨૦૨૯-૫૦વર્ષ થશે.

વિના સંસ્કાર, નહી સહકાર , નહિ સહકાર, નહિ ઉદ્ધાર, ધ્યેય સાથે સર્જન શક્તિ જાગરણ કરવાના મુખ્ય ઉદ્દેશથી સમગ્ર રાજ્યમાં સહકાર ચેતના કેન્દ્રો નગર, ગ્રામ્ય વિસ્તાર જિલ્લા કેન્દ્રો પર ઠેર ઠેર સહકાર ચેતના કેન્દ્રો ખોલી દર પંદર દિવસે નિશ્ચિત કરેલા સ્થાન ઉપર ભેગા થવું અને અનુકૂળ સમય સુધી ચર્ચાઓ અને સંસ્કારની વાતો કરી સંગઠન ઊભું કરવુ આદર્શ સહકારી કાર્યકર્તાઓ,સમાજ પરિવર્તન, સમૃદ્ધ ગામડાઓ નું નિર્માણ, વગેરે પ્રવૃત્તિ દ્વારા આદર્શ પરિવારો દ્વારા સમગ્ર રાજ્યમાં સહકાર ચેતના કાર્ય શરૂ કરવામાં આવનાર છે , અને ખરા અર્થમાં ''વિના સંસ્કાર, નહીં સહકાર'' ને સાર્થક કરીએ.

સમાપન બૌદ્ધિક નલીનભાઈ વસા પ્રદેશ ઉપાધ્યક્ષ દ્વારા આખા દિવસના કાર્યક્રમની ઝલક, અને સહકાર સંસ્થા દિશા, સંયુક્ત કુટુંબ દ્વારા જબરું પરિવર્તન, જેના ઉદાહરણ સરસ સમજાવવામાં આવેલ હતા. સંયુક્ત કુટુંબ એ સહકાર અને આદર્શ સમાજ ની વાત કરેલ હતા. અને સંગઠનનો વ્યાપ વધારવા માટે વાત કરી હતી. એટલુજ નહીં સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી પી, એસ ,ગજેરા, સંયોજકજુનાગઢ વિભાગ, સી.ઓ. કેશવ ક્રેડિટ સોસાયટી એ કર્યુ હતું. કાર્યક્રમના અંતે આભાર વિધિ જયેશભાઈ સંઘાણી મહામંત્રી રાજકોટ કરી હતી.

# બોર્ડ પરીક્ષાનો આજથી પ્રારંભ


## વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસમાં વધારો થાય તે માટે તજજ્ઞોએ પરીક્ષાના ટેન્શન નહીં પરંતુ મહોત્સવ તરીકે ઉજવવા કરી અપીલ

### શહેરમાં ૭૮,૪૦૦ થી વધુ વિદ્યાર્થીઓ જ્યારે રાજ્યમાં કુલ ૧૪ લાખથી વધુ વિદ્યાર્થીઓ આજથી આપશે બોર્ડ પરીક્ષા

રાજકોટ, તા. ૨૬

રાજકોટ સહિત રાજ્યભરમાં આજથી એસ.એસ.સી. અને એચ.એસ.સી. બોર્ડની પરીક્ષાઓ શરૂ થઈ રહી છે ત્યારે રાજ્યના શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરિયાએ તમામ વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવી હતી. રાજ્યમાં કુલ ૧૪ લાખથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે, જેમાં એસ.એસ.સી.ના ૯ લાખથી વધુ, એચ.એસ.સી.ના ૪ લાખથી વધુ અને એચ.એસ.સી. સાયન્સ પ્રવાહના ૧ લાખથી વધુ વિદ્યાર્થીઓ સામેલ છે.

મંત્રીએ વિદ્યાર્થીઓને સંદેશ આપતાં જણાવ્યું કે પરીક્ષાને ટેન્શન તરીકે નહીં, પણ એક ઉત્સવ તરીકે ઉજવવો જોઈએ. જો કોઈ વિદ્યાર્થી કોઈ એક પેપરમાં સારું પ્રદર્શન ન કરી શકે, તો તેને હતાશ થવાની જરૂર નથી. ઓછા માર્ક્સ જીવનનો અંત નથી મહેનત અને ધીરજથી ભવિષ્યમાં ઉજ્જવળ સફળતા હાંસલ કરી શકાય છે. ઘણા વિદ્યાર્થીઓ ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ પછી સખત મહેનત કરીને સિવિલ સર્વિસ સહિતની ઉચ્ચ પદવી હાંસલ કરે છે અને માતા-પિતાનું ગૌરવ વધારતા હોય છે. તેથી, માતા-પિતાએ પણ ઘરમાં હકારાત્મક માહોલ રાખવો જોઈએ જેથી વિદ્યાર્થીઓ નિડર બની પરીક્ષા આપી શકે.



રાજ્ય સરકાર દ્વારા પરીક્ષાઓનું પારદર્શક સંચાલન સુનિશ્ચિત કરવા માટે વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે. સાથે જ ટેકનોલોજીની મદદથી તમામ પરીક્ષા કેન્દ્રો પર કડક મોનિટરિંગ રાખવામાં આવશે. મુખ્ય કેન્દ્રથી પેપરના વહન સહિતની તમામ વ્યવસ્થાઓ માટે કંટ્રોલ રૂમમાં સતત નજર રાખવામાં આવશે. ઉપરાંત, કોઈ પણ વિદ્યાર્થીને કોઈ તકલીફ પડે તો પોલીસ વિભાગ અને અન્ય શાસકીય એજન્સીઓ મદદ માટે હંમેશા તૈયાર રહેશે. રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલજીની સૂચનાથી, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા વિદ્યાર્થીઓ માટે વિનામૂલ્યે બસ સેવાની વ્યવસ્થા કરવામાં આવી છે, જેથી તેઓ સરળતાથી પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચી શકે.

ગુજરાતના વિદ્યાર્થીઓ છેલ્લા અનેક વર્ષોથી બોર્ડની પરીક્ષાઓમાં ઉત્તમ પરિણામ આપતા આવ્યા છે. આ વર્ષે પણ ગુજરાતના યુવાધન કઠોર મહેનત અને આત્મવિશ્વાસ સાથે શ્રેષ્ઠ પરિણામ પ્રાપ્ત કરશે, તેવી મંત્રીએ આશા વ્યક્ત કરી. સાથે જ, માતા-પિતાને વિનંતી કરી કે, પરીક્ષાના દિવસોમાં ઘરમાં શાંતિપૂર્ણ અને પ્રોત્સાહક વાતાવરણ જળવાય, જેથી વિદ્યાર્થીઓ નિર્ભય બની પરીક્ષા આપી શકે. રાજકોટ જિલ્લામાં પણ શિક્ષણ અધિકારી અને સ્થાનિક પ્રશાસન દ્વારા હાલ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે એટલું જ નહીં વિદ્યાર્થીઓને એટલે કે પરીક્ષાર્થીઓને કોઈપણ પ્રકારની તકલીફનો સામનો ન કરવો પડે તે માટે તમામ વ્યવસ્થાઓ પણ સુચારૂરૂપથી કરવામાં આવી છે. સરકારી કર્મચારીઓને પણ પોતાની નિર્ધારિત ફરજ સોંપી દેવામાં આવી છે અને બોર્ડના ક્લાસરૂમનો વાતાવરણ હળવું બની રહે તે માટે શિક્ષકો એટલે કે ફરજ પરના કર્મચારીઓ અને અધિકારીઓને પણ સૂચિત કરવામાં આવ્યા છે જેથી પરીક્ષા આપનાર વિદ્યાર્થીને કોઈપણ પ્રકાર ની હેરાનગતિ ન થાય અને તેઓ ખૂબ સારા વાતાવરણમાં પરીક્ષા આપી શકે અને પોતાના ભાવિ ન ઘડતર કરી શકે. આ માટે રાજ્ય સરકાર અને સ્થાનિક પ્રશાસન દ્વારા દરેક સંભવત પ્રયત્નો પણ હાથ ધરવામાં આવ્યા છે.

# મહાશિવરાત્રીના દિવસે ZEPTO દ્વારા કરવામાં આવતું'તું નોનવેજનું વેચાણ

## જાહેરનામાનો ભંગ કરતા મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગે ૧૦૦૦૦નો દંડ ફટકારી ૩૫ કિલો જથ્થો કર્યો નાશ

રાજકોટ, તા. ૨૬

મહાશિવરાત્રીના પાવન અવસરે શહેરમાં મીટના વેચાણ પર કડક અમલવારી કરવા સૂચિત કરવામાં આવ્યા હતા પરંતુ ક્યાંક ને ક્યાંક મહાનગરપાલિકાનો ડર જે હોવો જોઈએ તે ન હોવાના કારણે જ હાલ ગઈકાલે ઝેપટોપ ડિલિવરી દ્વારા માસ મટનનું વેચાણ ઓનલાઇન કરવામાં આવતું હતું જેનો પર્દાફાશ થયો છે. મહત્વનું એ છે કે આ અંગે માત્ર ૧૦,૦૦૦ નો દંડ ફટકારી વિભાગે સંતોષ માની લીધો છે પરંતુ જો આગામી દિવસોમાં આ પ્રકારના ત્યોહારમાં પણ જો આ સ્થિતિ જોવા મળશે તો લોકો માટે અને રાજકોટ માટે ખરેખર આ સારું ન કહેવાય તેવું જાણકાર વર્તુળોમાં ચર્ચા રહ્યું છે. જાહેરનામાનો જે ભંગ કરવામાં આવ્યો છે તેના ઉપર કડક કાર્યવાહી થવી જોઈએ જેથી ભવિષ્યમાં આ પ્રકારની કોઈપણ ગતિવિધિ કરતાં વિક્રેતાઓ સો વાર વિચાર કરે.




જાગૃત નાગરિક ના ધ્યાને આ મુદ્દો આવતા તેઓએ નોનવેજ ઓર્ડર કર્યો હતો અને ગણતરીની મિનિટોમાં જ તેને તે મળી જતા એ વાત તો સ્પષ્ટ થઈ હતી કે હાલ જાહેરનામાનો ભંગ થયો છે જે વાત આરોગ્ય વિભાગના અધિકારીઓ ને આ અંગે જાણ કરવામાં આવી હતી અને તપાસના અંતે માલુમ પડ્યું કે આશરે ૩૫ કિલો જેટલો નોનવેજ નો જથ્થો હાલ ડીલેવરી વેરહાઉસમાં પડેલો હતો જેનો નાશ કરવામાં આવ્યો છે.

રાજકોટમાં મહાશિવરાત્રીના જાહેરનામાની કડક અમલવારીના આદેશ રાજકોટ મહાનગરપાલિકાએ બહાર પાડયા છે. જાહેરનામા સુધ ગુજરાતીમાં સ્પષ્ટતા કરવામાં આવી છે. મહાશિવરાત્રીના દિવસે તમામ કતલખાના બંધ તથા માસ,મટન,મચ્છી, ચિકન ના વેચાણ કે સ્ટોર પર પ્રતિબંધ રહેશે.છતાં મહાશિવરાત્રીના જાહેરનામાનો ભંગ થયો છે. જે નિયમોનો ભંગ કરવામાં આવ્યો છે તેમાં ડીલેવરી ના લોકોનો સિંહફાળો હતો. ઝેપટો ડીલેવરી દ્વારા ચિકન,મીટ,મચ્છીનું વેચાણ કરતું હોવાનું બહાર આવ્યું હતું. ૧૫૦ ફૂટ રીંગ રોડ શીતલ પાર્ક પાસે આર.કે આઇકોનિક બિલ્ડીંગના ગ્રાઉન્ડ ફ્લોર પર ઝેપટો ડીલેવરીનું વેરહાઉસ આવ્યું છે.મહાનગરપાલિકાની આરોગ્ય ટીમને સમગ્ર મામલે જાણ થતા આરોગ્ય અધિકારી સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો.

ઝેપટોના વેર હાઉઝ પર દરોડા પાડવામાં આવ્યા હતા.જેમાં ૩૫ કિલો ચિકન,મીટ,ફિશની વિવિધ આઈટમના જથ્થાને સિઝ કરવામાં આવ્યો હતો.ઝેપટો ડીલેવરીના વેરહાઉસનું નામ ડ્રોઘેરિયા સેલર પ્રાઈવેટ લિમિટેડ તરીકે છે.ઝેપટોના વેરહાઉસ પર આરોગ્યની ટીમે તમામ કાર્યવાહીને હાથ ધરી અને કાયદેસર સિઝ કરાયેલા માલના જથ્થાનો નિકાલ કરવામાં આવ્યો હતો.ઘટના સ્થળ પર જ ઝેપટો વેરહાઉસને રૂપિયા ૧૦ હજારનો દંડ ફટકારવામાં આવ્યો હતો સોલીડ વેસ્ટ શાખાના અધિકારી દ્વારા દંડની રકમ વસૂલવામાં આવી હતી.

રાજકોટ મહાનગરપાલિકાએ મહાશિવરાત્રીનું નવું જાહેરનામું બહાર પાડ્યું હતું જેમાં માસ, મટન,મચ્છી, ચિકનના વેચાણ કે સ્ટોર પર પ્રતિબંધનો ઉલેખ કર્યો હતો. તુષિત પાનેરીએ વાસ્તવિક માં જાહેર નામાનું પાલન થાય છે કે નહીં એ હેતુ માટે ઝેપટોપ ડીલેવરીમાં ગઈકાલે મહાશિવરાત્રીના દિવસે વહેલી સવારે ૬:૩૦ વાગે ચિકનનો ઓર્ડર કર્યો હતો.

માત્ર દસ મિનિટમાં ડીલેવરી મેન ઓર્ડર લઈને પહોંચી ગયો હતો. ઓર્ડર હાથમાં લેતાની સાથે જ જાહેરનામાનો ભાંગ થયો તેની ખરી વાસ્તવિકતા સામે આવી હતી . જે બાદ તાત્કાલિક ધોરણે કોર્પોરેશન કમિશનર અને આરોગ્ય અધિકારીનો સંપર્ક કર્યો હતો કમિશનર અને આરોગ્ય અધિકારીને જાણ કર્યા બાદ આરોગ્યની ટીમ ઘટના સ્તર પર દોડી ગઈ હતી અને વેરહાઉસ માંથી તમામ ચિકન,મીટ,ફીસના જથ્થાને સિઝ કરીને દંડ ફટકાર્યો હતો.

# સૂચિત જંત્રીદરની વાંધા અરજીઓ પર કલેકટર શનિવારે કરશે બેઠક

## રાજકોટ શહેરમાં ૧૯૩ વાંધા અરજીઓ જ્યારે જિલ્લામાંથી ૮૫૦ અરજીઓ આવી સામે

રાજકોટ, તા. ૨૬

૧લી એપ્રિલથી નવો જંત્રીદાર સમગ્ર રાજ્યમાં લાગુ થવા જઈ રહ્યો છે ત્યારે તે માટેની તમામ તૈયારીઓને પણ રાજ્ય સરકાર અને સ્થાનિક પ્રશાસન દ્વારા પૂર્ણ કરી દેવામાં આવી છે. મળતી માહિતી મુજબ જંત્રી દર મા વધારો કરવાની વાતને બિલ્ડર સહિત સમગ્ર ક્ષેત્રના લોકોએ અસ્વીકાર કરી પોતાના વાંધા રજુ કર્યા હતા ત્યારે હવે ગણતરીના દિવસો બાકી હોવાથી રાજકોટમાં ૧લી માર્ચથી વાંધા સૂચનો ના નિકાલ પ્રક્રિયાની પ્રથમ બેઠક કલેકટરના વડ પણ હેઠળ યોજાશે. જેમાં જિલ્લા કલેકટર દ્વારા જે વાંધા સૂચનો રજૂ કરવામાં આવ્યા છે તેમાં કેટલી સાર્થકતા છે શું સાચું છે અને શું યોગ્ય છે તે અંગે નિર્ણય લેવામાં આવશે અને તે માટે ચર્ચા વિચારણા પણ હાથ ધરાશે.

કલેકટર કચેરીના સંપર્ક સૂત્રોના જણાવ્યા અનુસાર રાજકોટ જિલ્લામાં નવા જંત્રીદાર સામે ૮૫૦ જેટલી વાંધા જે આવેલી છે જ્યારે શહેરમાં ૧૯૩ અરજીઓ આવી હોવાનું જાણવા મળ્યું છે. જિલ્લા પ્રશાસન અને વહીવટી તંત્ર દ્વારા જે ખાસ કમિટીનું ગઠન કરવામાં આવ્યું છે ત્યાં તમામ વાંધા સૂચનો અને અરજીઓનો અભ્યાસ કરશે જે બાદ તેનો ફાઈનલ રિપોર્ટ રાજ્ય સરકારને શોખ છે જેના આધાર પર સરકાર દ્વારા જંત્રી દર વધારા અંગેનો નિર્ણય લેવામાં આવશે. એટલું જ નહીં જે સમિતિ ન ગઠન કરવામાં આવ્યું છે તેના દ્વારા અભિપ્રાય પણ સરકારને મોકલવામાં આવશે જેની પાછળનું મહત્વનું કારણ એ છે કે હાલ જે વાંધા અરજીઓ આવી છે તેમાં સૌથી વધુ પ્રમાણ ગામડાના એટલે કે ગ્રામ્ય વિસ્તારોનું છે. જે બાદ રાજ્ય સરકાર નિર્ણય લઈએ તેવું સૂત્રોએ જણાવ્યું હતું. રાજકોટમાં સુચીત નવા જંત્રીદરના વિરોધમાં વાંધા અરજીઓ રજુ થવાની સાથે શહેરના કેટલાંક વિસ્તારોમાંથી જંત્રીદર વધારાની માંગણી સાથે પણ કલેકટર તંત્ર સમક્ષ રજુઆતો થવા પામેલ છે.કલેકટર તંત્ર દ્વારા જંત્રી વાંધા નિકાલની પ્રક્રિયા હાથ પર લેવાતા આ અંગે તા.૧ ને શનિવારે પ્રથમ હિયરીંગ બેઠક યોજવામાં આવી છે.

અહી એ ઉલ્લેખનીય છે કે, રાજય સરકારનાં સુચિત નવા જંત્રીદર સામે અગાઉ રાજકોટ સહિત રાજયભરમાંથી જબ્બર વિરોધ ઉઠયો હતો જેમાં બિલ્ડર એસો.અને ક્રેડાઈ દ્વારા ૨૦૦ થી ૨૦૦૦ ટકાનો જંત્રીમાં વધારો ઝીંકાયાનું જણાવી આ મામલે રાજયના દરેક કલેકટરની સાથે રાજય સરકારને રજુઆત કરી હતી.જેમાં સુચિત નવા જંત્રી દરમાં અનેક ટેકનીકલ ક્ષતિ અને વિસંગતતા રહેલી હોવાનું જણાવાયું હતું. આ નવા જંત્રીદરનાં વધારાની અસર ગરીબ અને સામાન્ય નાગરીકો દ્વારા ખરીદ કરવામાં આવતા ફલેટ અને ટેનામેન્ટની કિંમત પર સીધી પડનાર હોય મકાનની કિંમતમાં ઉછાળો આવવાની શકયતા છે.

આ સુચિત નવા જંત્રી દર સામે ઉઠેલા જબ્બર વિરોધ બાદ રાજય સરકાર દ્વારા રાજકોટ સહીત રાજયભરમાં વાંધા અરજીઓ સ્વીકારવા માટે ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. જેમાં રાજકોટ શહેર-જીલ્લામાંથી ૮૫૦ જેટલી સુચિત નવા જંત્રી દર સામેથી વાંધા અરજીઓ ઓનલાઈન અને ઓફલાઈન વહીવટીતંત્રમા સબમીટ થવા પામી છે. જેના નિકાલ માટે વહીવટી દ્વારા હવે પ્રક્રિયા આરંભી દેવામાં આવી છે.

## એપાર્ટમેન્ટનો દરવાજો તોડતો હોઇ બીજા રહેવાસીઓએ ના પાડતાં તોફાને ચડ્યોઃ પથ્થરમારો કર્યો

# સદર બજારમાં રહેતાં 'રાજા'ની રંજાડઃ રહેવાસીઓ હેરાન પરેશાન

### આગેવાન હબીબ ગનીભાઇ કટારીયાના બહેન સાથે માથાકુટ કરીઃ આગેવાન વચ્ચે પડતાં તેમના પર પાણાવારી કરીઃ લોકોના ટોળા ઉમટી પડ્યા

રાજકોટઃ રંગીલા અને શાંત શહેરમાં અમુક શખ્સો એવા પેધી ગયેલા હોય છે કે તે બીજાને હેરાન પરેશાન કરીને રાજી રહેતાં હોય છે. શહેરના સદર બજારમાં એક એપાર્ટમેન્ટમાં રહેતો શખ્સ નામ તો 'રાજા'નું ધરાવે છે, પણ તેના ધંધા એપાર્ટમેન્ટના બીજા રહેવાસીઓ આને આસપાસના લોકોને રંજાડવાના હોય તેવા છે. સદર બજારમાં આવેલા બાલાજી એપાર્ટમેન્ટ નામના ફ્લેટમાં રહેતાં રાજા પઠાણ નામના શખ્સે પોતે જ્યાં રહે છે એ ફ્લેટનો દરવાજો તોડવાનું ચાલુ કરતાં અન્ય રહેવાસી એવા લઘુમતી આગેવાન હબીબ કટારીયાના બહેને તેને ડેલો તોડતો અટકાવતાં તેણે ઉશ્કેરાઇ જઇ તોફાન મચાવતાં આગેવાન હબીબ કટારીયા સહિત દોડી આવતાં રાજાએ તેના પર પથ્થરમારો કરી ગાળાગાળી કરતાં પોલીસ દોડી ગઇ હતી.

સદર બજારમાં ધમાલ મચી ગઇ અને પથ્થરમારો થયો એની જાણ થતાં જ પોલીસ કાફલો દોડી ગયો હતો. પરંતુ પોલીસ પહોંચતા જ રાજા ભાગી ગયો હતો.

રહેવાસીઓએ આ શખ્સ વિરૂધ્ધ આક્ષેપો કર્યા હતાં. વિગતો જોઇએ તો સદર બજારમાં બાલાજી એપાર્ટમેન્ટમાં રહેતાં રાજા પઠાણ નામના શખ્સે આ એપાર્ટમેન્ટમાં જ રહેતાં વિસ્તારના આગેવાન હબીબ ગનીભાઇ કટારીયાના બહેન સાથે માથાકુટ કરતાં અને હબીબ કટારીયા સહિતના ઉપર પથ્થરમારો કરતાં દેકારો મચી ગયો હતો. બનાવની જાણ થતાં એસીપી રાધિકા ભારાઇ, પ્ર.નગર પીઆઇ ડોબરીયા, એ-ડિવીઝન પોલીસનો કાફલો તેજમ





અન્ય સ્ટાફ દોડી ગયો હતો. જો કે પોલીસ આવતા જ રાજા પઠાણ નામનો શખ્સ ભાગી ગયો હતો. પોલીસની પ્રાથમિક પુછતાછમાં હબીબ કટારીયાએ કહ્યું હતું કે ત્રણ માળના એપાર્ટમેન્ટમાં રાજા પઠાણ ત્રીજા માળે રહે છે અને મારા બહેન પહેલા માળે રહે છે. આ ફ્લેટ મારા નામનો છે.

હબીબભાઇએ આગળ કહ્યું હતું કે આ ફ્લેટનો દરવાજો રાજા તોડી રહ્યો હોઇ મારા બહેને તેને આવુ કરતાં અટકાવી ડેલો શું કામ તોડે છે?

અમે પણ અહિ રહીએ છીએ તેમ કહેતાં આ શખ્સે મારી જગ્યા છે ગમે તે કરુ તેમ કહી માથાકુટ કરતા મને જાણ થતાં હું અને મારા પરિવારજનો દોડી આવતાં અમારા પર પથ્થરમારો કર્યો હતો. હબીબભાઇ કટારીયા અને આસપાસના બીજા રહેવાસીઓએ આક્ષેપો કર્યા હતાં કે રાજા પઠાણ અવાર-નવાર માથાકુટ કરે છે, તે પાર્કિગ કરવા દેતો નથી અને રહેવાસીઓને સતત ત્રાસ આપે છે.

જો કે પોલીસ પહોંચી ત્યારે રાજા પઠાણ ત્યાંથી નીકળી ગયો હતો. આ મામલે ફરિયાદ દાખલ કરવા તજવીજ થઇ રહી છે. બનાવને પગલે વિસ્તારમાં લોકોના ટોળા એકઠા થઇ ગયા હતાં.

પોલીસે લોકોને વિખેરવા તજવીજ કરી હતી. હબીબ ગનીભાઇ કટારીયાએ વધુમાં કહ્યું હતું કે એક ફ્લેટ માં જે પરિવાર રહેતો હતો તેની પાસેથી ફ્લેટ પોતાના બહેન મુમતાઝબેનને અપાવ્યો હતો.

ત્યારે પણ રાજાએ આ ફ્લેટ પોતાને જોઇતો હતો કહીને માથાકુટ કરી હતી. પોલીસે એફઆઇઆર દાખલ કરવા તજવીજ કરી હતી અને પ્રજાને રંજાડનારા રાજાને શોધી કાઢવા દોડધામ આદરી હતી.